ર૫૧૯

વાંચનારાંને સૂચના.

હે પ્રિય વાંચનારાઓ, જેઓ દુષ્ટ છે, જેઓ પોતાના આત્માની સ્થિતિ વિશે નિશ્ચિત રહી આળસુ રહેછે, તેઓને આ પુસ્તક પસંદ પડશે, એવું સંભવતું નથી. એવું જણાયછે કે તેઓ આ પુસ્તકનો ઘણો દ્વેષ કરશે. કેમકે પાપ કરાવનાર તથા મોહમાં નાંખનાર જે શેતાન તે વિશે, અને જીવન આપનાર તથા દેવના છોકરાંને છુટકો આપનાર જે ઈસુ ખ્રીસ્ત તે વિશે આ પુસ્તકમાં ઘણો બોધ આપ્યો છે. નાસ્તિક લોક એવું સમજેછે કે, શેતાન નથી, અને તેની સત્તા માણસપર ચાલતી નથી. વળી તેઓ એવું ધારેછે કે, દેવ સર્વનો ન્યાય કરશે અને ભલાં તથા ભુંડાંને તેઓનાં કામ પ્રમાણે ફળ આપશે, એ ખોટું છે. એવા લોકોનેજ આ પુસ્તક પસંદ ન પડે, માત્ર એટલુંજ નહિ, પણ એવા ઘણા લોક છે જેઓ એવું કહેછે કે શેતાન છે, અને માણસ પર તે પોતાની સત્તા ચલાવેછે; અને દેવ સર્વનો ન્યાય કરનાર છે એવું કબૂલ કર્યાં છતાં પણ તેઓને પાપમાર્ગ વહાલો લાગેછે, અને દેહનાં કામો મીઠાં લાગેછે; એવા લોકોને પણ આ પુસ્તક ગમશે નહિ. કારણકે તેઓ પાપનો પશ્ચાત્તાપ કરતા નથી, અને તારનાર જે દેવનો પુત્ર ઈસુ ખ્રીસ્ત, તેણે ઉદ્ધાર પામવાનો જે ઉપાય પ્રગટ કર્યો છે તે પર વિશ્વાસ રાખતા નથી. તથાપી અમારી પક્કી ખાતરી છે કે નાસ્તિક

મત અને પાપની પ્રીતિ એ દેવ ન . .
તરફથીજ છે. એ માટે આ પુસ્તક ગમ - ન ગમ એ વિશે ચિંતા ન રાખતાં અમે ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોનાં મતનો અંગીકાર કરિયેછિયે; કેમકે એ મત એટલું ઉત્તમ તથા પવિત્ર તથા કલ્યાણદાયક છે કે, બીજાં કોઈ પણ મતથી એ ખંડન થનાર નથી.

આ વિષયો વિશે ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોએ જે બોધ આપ્યો તે આ પ્રમાણે છે:—

ખેતરના નિંદણનો દાખલો આપીને પ્રભુ ઈસુ ખ્રીસ્ત એ બોધ કરેછે કે, "માણસો ઉંઘતા હતા ત્યારે તેના વેરીએ આવીને ઘઉંમાં કડવા દાણા વાવ્યા, તે શેતાન છે." (માત્થી ૧૩; ૨૫, ૩૯.) નીંદણ એટલે શેતાનના લોક છે, અને તેઓને વાવનાર તે શેતાન છે, અને એ વાત માણસોથી નાકબૂલ કરાય નહિ. કડવા દાણા વાવનારનું અસ્તિત્વ કોણથી નાકબૂલ કરાય? તે કડવા દાણા વાવનાર નથી એવું જો કહીએ, તો તે ધૂર્ત વેરીને કડવા દાણા વાવવાના કામમાં આપણે મદદ કરનાર ઠરિયેછિયે. વળી દુષ્ટ તથા અવિશ્વાસીઓને ઈસુ એવું કહેછે કે, "શેતાન તમારો બાપ છે, અને તમે પોતાના બાપની ઈચ્છા પ્રમાણે કરવાને ચાહોછો—તે પ્રારંભથી મનુષ્યઘાતક છે, અને તેમાં સત્ય નથી; ને તે માટે સત્યમાં તે સ્થિર રહ્યો નથી. તે જ્યારે જુઠું બોલેછે, ત્યારે પોતાનામાંથી બોલેછે, કાંજે તે જુઠો છે, ને જુઠાનો બાપ છે. (યોહાન ૮; ૪૪.)

પાઉલ નામે પ્રેરિત એવો બોધ કરેછે કે, "શેતાનની યુક્તિઓની સામે, તમે સ્થિર રહી શકો, માટે દેવનાં સર્વ હથિયારો સજો. કેમકે રક્ત તથા માંસની સામે આપણું મલ્લયુદ્ધ

નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, જગતમાંના આ અંધકારના સત્તાધારીની સામે, આકાશીઓમાં ભુંડાઇના આત્મિક [લશ્કરો]ની સામે છે." (એફેસ. ૬; ૧૧-૧૨.) વળી તે એવું કહેછે કે, "શેતાન આ જગતનો દેવ છે, અને તેણે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે, એ સારૂ કે ખ્રીસ્ત જે દેવની પ્રતિમા છે તેના મહિમાની સુવાર્તાનું અજવાળું તેઓમાં પ્રકાશિત ન થાય." (૨ કરીંથી ૪; ૪.) એ માટે ખ્રીસ્તની સુવાર્તા પર વિશ્વાસ ન રાખવો એ શેતાનનો બાંધેલો મનમાં બંધાપો છે. વળી પાઉલ એવો બોધ આપેછે કે, શેતાન આજ્ઞાભંજનના પુત્રોમાં પોતાનું કામ ચલાવેછે—જે અપરાધ તથા પાપમાં મરેલા છે એટલે જેઓ આ જગતના ધોરણ પ્રમાણે અને અંતરિક્ષની સત્તાના અધિકાર પ્રમાણે ચાલેછે તેઓમાં. (એફેસ. ૨; ૨.)

પીતર એવું કહેછે કે વિશ્વાસુ તથા સત્ય પુરૂષનો શત્રુ તથા એઓને મોહિત કરનાર જે શેતાન તે ગાજનાર સિંહની પેઠે કોઇને ગળીજવાને શોધતો ફરેછે. એ માટે વિશ્વાસમાં સ્થિર થઇ તેને વિરૂદ્ધ ઉભા રહીને સાવધ થાઓ. (૧ પીતર ૫; ૮-૯.)

યોહાને પ્રકટીકરણના પુસ્તકના બારમા અધ્યાયના ૯ મા પદમાં એવું કહ્યું છે કે, "સર્વ જગતનો ભુલવનાર તે શેતાન છે." અને યોહાનના પેહેલા પત્રના ૩ જા અધ્યાયના ૮ મા પદમાં એવો બોધ આપેછે કે, "જે પાપ કરેછે તે શેતાનનો છે, કેમકે શેતાન આરંભથી પાપ કરેછે, પણ દેવનો પુત્ર એ માટે પ્રગટ થયો કે તે શેતાનનાં કામોનો નાશ કરે."


એ સંબંધી યાકુબનો બોધ એવો છે કે, "તમે શેતાનને વિરૂદ્ધ ઉભા રહો એટલે તે તમારી પાસેથી નહાસશે. યાકુબ ૪; ૭.)

હવે હે વહાલા વાંચનારાઓ, શાસ્ત્રના આ ઉપદેશ પર તમારો વિશ્વાસ હોય તો તમે કબૂલ કરશો કે, પ્રત્યેક માણસનું અંતઃકરણ સ્વભાવે કરીને દેવનું મંદિર નથી, પણ શેતાનનું વસ્તિસ્થાન છે. અને પછી કોઈએકનું અંતઃકરણ શેતાનનું કારખાનું થયું છે કે થાયછે એ જાણવાને કઠણ લાગનાર નથી. અને તમોને એવું જણાશે કે, જેમ દેવ વિશ્વાસ કરનાર મધ્યે વસ્તિ કરીને તેઓને પવિત્ર તથા ધનવાન કરેછે, તેજ પ્રમાણે શેતાન પણ દુષ્ટ મધ્યે પોતાનું કામ ચલાવીને તેઓનો નાશ કરેછે.

તેઓ સંબંધી પવિત્ર શાસ્ત્રનું મત લાક્ષણિક ચિન્હોવડે આ પુસ્તકમાં ટીકા સુદ્ધાં દેખાડયું છે; અને તે તરફ માણસો પોતાનું લક્ષ લગાડે માટે ઘણો બોધ કર્યો છે; એ માટે કે, જે દુષ્ટ તેણે પાપથી અને શેતાનના દાસપણાથી દૂર રહેવા વિષે સાવધાન રહેવું, અને જે વિશ્વાસી સજ્જન તે પોતાને વિશ્વાસમાં તથા સુભક્તિમાં સ્થિર કરી લે.

આગળના એક ચિત્રમાં અંતઃકરણ ચેહેરા સુધાં દેખાડેલું છે. કોઈ માણસ સારો કે માઠો છે, એ અંતઃકરણની સ્થિતિ ઉપરથી સમજી લેવું જોઈએ; કારણ કે અંતઃકરણ સદાચરણનું કે દુરાચરણનું આસન અથવા સત્કર્મનું કે કુકર્મનું કારખાનું છે; પણ માણસના અંતઃકરણમાં કોઈ જોઈ શકતું નથી, પરંતુ ચેહેરો અંતઃકરણની આરશી જેવો છે, અને તે ઉપરથી માણસનો સ્વભાવ કેવો છે તથા અમુક પુરૂષ કે સ્ત્રી કેવા પ્રકારની છે તે કંઈક સમજાયછે. એ માટે મારા પ્રિય વાંચનારાઓ, પ્રત્યેક ચિત્ર તરફ લક્ષ લગાડીને પોતાના અંતઃકરણ તરફ દૃષ્ટિ કરો,

અને તમારી અવસ્થા કયા પ્રકારની છે એ સમજવા સારૂ પોતાના અંતઃકરણે મધ્યે શોધ કરીને વિચાર કરો; મારામાં પ્રભુ દેવ, અથવા શેતાન, એઓમાંથી કોણ અધિકાર કરેછે? દેવના આત્માનો પરિવાર એટલે નાહાના પ્રકારના સદ્ગુણ, અથવા શેતાનનો પરિવાર એટલે છ શત્રુ (કામ લોભ ઈ.) તથા શેતાની દુર્ગુણોનો સમુદાય એઓમાંના કયા મારા અંતઃકરણમાં છે? હું પાપનો તથા શેતાનનો દાસ છુ, અથવા દેવના છુટકો પામેલા છોકરામાંનો છું? એ વિષે તમારી ખાતરી થાય ત્યાં સુધી ખરા મનથી વિચાર કરો; કારણ કે એ વાત મહા મોહોટી છે; ત્યારે આ વાતો વિષે નિશ્ચિત ન રહો, એ પ્રમાણે પોતાની પરીક્ષા કરીને તમારો સ્વભાવ જે તમને સમજાયો તે વિષે વિશ્વાસથી તથા ખરાપણાથી દેવ આગળ કબૂલ થાઓ; કારણ કે જે અંતઃકરણની પરીક્ષા કરનાર અને સર્વ જાણનાર તથા જોનાર, અને જે કંઇ તમારામાં છે તે જેઓથી છુપાતું નથી તે દેવ આગળ તમે ઉભા છો; તમારી સ્વાભાવિક સ્થિતિ માઠી હોય, તો પશ્ચાત્તાપ કરો, અને નિરાશ ન થતાં પોતાનાં પાપ ખોળામાં લઈને ઈસુ ખ્રીસ્તને શરણે જાઓ; કેમકે એ તમારો તારનાર, તમારે સારૂ આ જગતમાં આવ્યો, અને તે તમને અંધઃકારની સત્તામાંથી કહાડીને પોતાના રાજમાં લાવીને દાખલ કરે, માટે તમારે સારૂ શેતાનનાં કામોનો નાશ કરવાને તે તૈયાર છે. તમને શેતાનની પ્રજામાંથી કહાડવાને અને પાપના દાસપણામાંથી મુકત કરવાને ઈસુ ખ્રીસ્ત સમર્થ છે; અને જ્યારે ઈસુ ખ્રીસ્ત તમને મુક્ત કરશે ત્યારે તમે નિશ્ચે મોકળા થશો.



જે માણસમાં શેતાન રાજ્ય કરેછે તેના
અંતઃકરણનું ચિત્ર.

ચિત્રનું વ્યાખ્યાન.

પ્રથમ ચિત્ર.

જે માણસમાં શેતાન રાજ્ય કરેછે તેના અંતઃકરણનું ચિત્ર.

જે માણસ પાપની સેવા કરેછે, અને આ જગતની ચાલ પ્રમાણે ચાલેછે; તેનું અંતઃકરણ ઉપરના ચિત્ર પ્રમાણે છે. એ ચેહરાનો દેખાવ ચંચળ છે; તેની મુખમુદ્રા ઉપરથી એવું દેખાઈ આવેછે કે, તે હલકા મનનો છે અને તેને પાપ વિષે કંઈજ કાળજી નથી; તે પોતાના ભ્રષ્ટ મનની વાસના પ્રમાણે ચાલેછે, અને ઈશ્વર વિષે તથા ન્યાયને દિવસે પોતાના કામોનો હિસાબ આપવો પડશે એ વિષે ચિંતા ન રાખતાં જગતી સુખોમાં પોતાનો વખત કાહાડેછે. એવા માણસમાં શેતાન પોતાના પરિવાર સહિત વાસો કરેછે, એ આ ચિત્ર ઉપરથી જાણાયછે; અને શેતાનનો પરિવાર એ માણસના દુર્ગુણ છે; તેઓને સાત પ્રાણીએ કરીને આ ઉપરના ચિત્રમાં દેખાડયા છે.

હવે આ સાત પ્રાણીમાંના પેહેલા સિંહની વાત લઈએ. સિંહ પોતાના અત્યંત બળના અભિમાનથી સર્વ જાનવરને તુચ્છ માનેછે; અને એ ઉપરથી માણસના અભિમાન વિષે

બોધ આપવામાં આવેછે તે એવો કે, સંપત્તિ તથા સુંદરતા તથા મોટી પ્રતિષ્ઠા તથા પદ્વિ એ બધાં ઈશ્વરનાં દાન છે, અને તે પામવાને અમે યોગ્ય નથી, એ વિચારમનમાં ન આણતાં તેઓમાં ફસી જઈ અમે મ્હોટા છીએ, અમારા જેવા મોટા બીજા કોઈ નથી, બીજા બધા હલકા છે એવું જાણીને ઘણા લોક અભિમાન રાખીને ચાલેછે અને થોડા બળથી પણ લોક સિંહ થાયછે. અને જેમ સિંહ બીજાં જાનવરોપર અથવા સ્વજાતીના પણ શરીર ઉપર તુટીપડી લોહીલોહાણ થાય ત્યાં સુધી માર મારેછે, તે પ્રમાણે અહંકારી માણસ, જે બીજા તેને નમીને ચાલતા નથી તેઓને ક્રોધ દેખાડેછે.

સિંહની નીચે ઠગ નામે શિયાળનું ચિત્ર છે. એ સઘળા ફસાવનારામાં મુખ્ય છે. પ્રિય મિત્રો, જે શિયાળ સરખાં શાંત આચરણનાં માણસો છે તેઓમાં સિંહના જેવા દુર્ગુણ છેક નથી અથવા જેઓ સિંહ સરખા ગર્વિષ્ટ તથા ક્રોધી છે તેઓમાં શિયાળના જેવું ઠગપણું બિલકુલ નથી એવું સમજવું નહિ. આ બેઉ પ્રાણીના દુર્ગુણ માણસના અંતઃકરમાં હોયછે.

શિયાળની નીચે ગુંચળું વાળીને બેઠેલો સર્પ છે, એ મત્સરનું ચિન્હ છે. સર્પ દુઃખને ઝેર કરેછે. જે વેળાએ દેવે જગત ઉત્પન્ન કર્યું, તે વેળાએ તેણે આદમ અને હવા એવાં બે માણસ ઉત્પન્ન કીધાં. તેઓને ભૂલવવા સારૂ અને તેઓના સંતાનને પાપના તથા મરણના અધિકારમાં લાવવા સારૂ શેતાને સર્પનું રૂપ ધર્યું. એનું કારણ એવું છે કે પોતે દુઃખમાં અને તેઓ સુખમાં છે એ શેતાનથી દેખી ખમાયું નહિ, માટે તેણે તેઓને દેવની વિરૂદ્ધ ભટકાવ્યાં, અને તેઓને ઠગીને પોતા તરફ ખેંચ્યાં;

અને તેઓના સ્વભાવમાં પાપરૂપી ઝેર ઘાલ્યું. શેતાનના બધા લોક ખરા સુખ રહિત છે. અને બીજા અમારા સરખા દુઃખી થાય એવી ઇચ્છા તેઓના અંતઃકરણમાં સર્વદા ભરેલી છે. બીજાનું દુઃખ જોઇને તેઓ સમાધાન પામેછે, એજ હત્યા, અને એના જેવા બીજા અપરાધોનું કારણ છે, અને એજ કારણથી પ્રૌઢ તથા ચતુર માણસો જુવાન લોકોને બગાડેછે અને અજ્ઞાનીઓને ભૂલવેછે; એ પાપ સર્વથી મોટું છે અને એ કેવળ શેતાનનેજ શોભેછે.

સર્પની નીચે મોટો ઉંદર છે. એ પ્રાણીની ચાલ એવી છે કે, મેહેનત ન કરતાં ગુજરાન ચલાવવું. અને બીજાની મેહેનતનું ફળ ચોરીને ખાવું અને જમીનમાં સંતાડી રાખવું એ માટે ઉંદરને ચોર, આળસુ તથા લોભીની ઉપમા ઠીક શોભેછે. આ પાપ પણ માણસના ભ્રષ્ટ સ્વભાવમાં છે; જેઓ પોતાનો સ્વભાવ ઓળખતા નથી, તેઓને એવું લાગેછે કે અમારે અને તેને સંબંધ નથી.

ઉંદરનો પડોશી કુતરો છે. એ શુદ્ધ તથા અશુદ્ધનો ભેદ જાણતો નથી. સર્વને ચાટેછે, સર્વ માણસને ભુંકેછે, તેઓને કરડેછે, અને તેઓ સાથે મળીને પણ રહેછે. સર્વ ઠેકાણે મેલું કરેછે અને પોતાનું ઓકેલું પોતેજ ખાયછે, એવી એની ચાલ છે. આ ખોડ માણસના અંતઃકરણમાં પણ હોયછે. દુષ્ટ માણસ ઇશ્વરની ઇચ્છા, તેની વાત તથા તેના માર્ગને તુચ્છ માનેછે, મહા પવિત્ર વાતની મશ્કરી કરીને વટાળેછે, ઇશ્વરના ન્યાયને નકારેછે, તેની સત્યતા ખોટી માનેછે અને ભલા તથા ભુંડાને એકત્ર કરેછે.

ગીદ મુર્દાંની વાસ દૂરથી લેછે, અને જલદીથી તે તરફ ઉડીને તે પર તુટી પડેછે, અને અકળાતાં સુધી ખાયછે. તેના પર જો કોઈએ બંદુકનો અવાજ કર્યો હોય તો તે જતો રહેછે, પણ પછી લાગલો પાછો આવેછે. આ પક્ષીની પેઠે ઘણા લોક ખાવા વિષે લાલચુ છે. જ્યાં સુધી ખાવાનું નળે ત્યાં સુધી કંઇ કાળજી રાખતા નથી. પેટ ભરવું એજ તેઓની મુખ્ય વાત; "પેટ ભરાયું એટલે બસ" એ કેહેવત ખરી છે. ખાવાનો સ્વાદ તેમને તાણી જાયછે; અને જ્યાં સુધી તેમની આગળ કોઈ પદાર્થ હોય ત્યાં સુધી આગળ પાછળ જોતા નથી. ભૂખે મરતા માણસ સર્વ પ્રકારનાં અઘોર કર્મ કરવાને ચુંકતાં નથી.

માણસના અંતઃકરણમાં હાથી પણ છે; તે કયો એ સાંભળો. ત્યાં કામ મદોન્મત નામે હાથી છે. જે વેળા આ પ્રાણી મસ્તો થાયછે તે વેળા બીજા પ્રાણી તેની આગળ કંઈ હિસાબમાં નથી. તે પ્રમાણે વિષયી માણસો જેઓ કામમાં આંધળાં છે, તેઓ ઘણાંજ દુષ્ટ છે. અમંગળ કર્મ એટલે વ્યભિચાર તથા છીનાળાં એ માણસના અંતઃકરણરૂપી અરણ્યમાં ખરાબ જાનવરની પેઠે રહેછે. તેઓ ઘણાં બીહામણાં છે. લગનનો નિયમ ઈશ્વરે માણસોમાં સ્થાપેલો છે, અને ઈશ્વરના નિયમનું અતિક્રમણ થાય નહિ માટે તેણે આગ્ના આપી છે. પરંતુ માણસો ઈશ્વરના નિયમને ઉલંઘન કરી માત્ર વિષયનેજ સુખ માનેછે. ઈશ્વરનો નિયમ એવો છે કે, એક પુરૂષને એક સ્ત્રી ને એક સ્ત્રીને એક ધણી હોય; પરંતુ એનું ઉલંઘન કરીને પુરૂષ અનેક સ્ત્રી કરેછે અને સ્ત્રી અનેક ધણી કરેછે. અને એમ નાના પ્રકારનાં છીનાળાં તથા જારકર્મમાં માણસ લપટાયછે. વળી કેટલાએક લોક એવા છે કે, તેઓ જો કે વ્યભિચાર તથા છીનાળાં કરતા

નથી, તો પણ તે અઘોર કર્મ કરવાને જાણે તત્પર દેખાયછે, ને તે આ પ્રમાણે,—લાવણીઓ તથા અમંગળ ગીતો ગાયછે. અને મુખમાંથી લજામણી વાતો કહાડેછે. આહાહા! આ ભયંકર અરણ્યમાં એવા પ્રકારના હાથી અને જાનવરોનો કેટલો મોટો સમુદાય છે! જે સાત પ્રાણી ચિત્રમાં દેખાડેલાં છે તેઓ સિવાય બીજા અસંખ્ય પ્રાણી માણસના અંતઃકરણરૂપી અરણ્યમાં ફરેછે. તે સર્વ શેતાનના અધિકારમા રહીને પોતાની દુષ્ટ ઇચ્છા માણસના અંતઃકરણમાં પુરી કરેછે. ઇશ્વરનો આત્મા તેઓને પ્રેરણા કરવા ચાહેછે, પરંતુ માણસના અંતઃકરણમાં તે વસી શકતો નથી, કેમકે જ્યાં સુધી અંતઃકરણ અપવિત્રતાથી ભરેલું છે, ત્યાં સુધી પવિત્રાત્મા તેમાં રહી શકતો નથી.

ચિત્રમાં દેખાડેલું ખબુતર તે પવિત્રાત્માની નિશાની છે. આ ચિત્રમાં પવિત્રાત્મા અંતઃકરણની બાહાર છે, તો પણ પોતાની કૃપાનાં દાન એટલે ગ્નાન તથા પશ્ચાત્તાપ જ્વાળાની પઠે ચોતરફ લાવીને તેના અંતરમાં ઘાલવાનાં પ્રયત્ન કરેછે, પણ અંતઃકરણ પાપથી ભરેલું અને શેતાનના કબજામાં આવી ગએલું છે તેથી માંહે પ્રવેશ પામવાને પવિત્રાત્માને ફાવતું નથી.

વળી અંતઃકરણમાં તારો પણ છે, તે આશાની નીશાની છે. પરંતુ શેતાન અંતઃકરણમાં વ્યાપેલો છે તેથી આશા અલ્પ જેવી થઇગઇ છે. ને તેથી તારો અંધરાએલો દેખાયછે; તો પણ દેવની કૃપા અમણાં પણ મળશે એવી તે સાક્ષી પુરેછે. ચિત્રની જમણી બાજુએ દૂત છે. તે પાપીને શાસ્ત્રનાં વચન કહીને તેનું મન જાગૃત થાય માટે ઘણાં પ્રયત્ન કરેછે, પરંતુ પાપી તેની

સ્વચના મનમાં સતો નથી, કારણ કે તે વિષયવાસનાએ કરીને પાપના સુખમાં ભ્રષ્ટિ તથા બેશુદ્ધ થયા છે.

એ પ્રમાણે વિષયી માણસનો સ્વભાવ છે. તેની અવસ્થા કેવી ભયંકર અને દુઃખકારક છે! તો પણ આ જગતમાં એવી અવસ્થાનાં અગણિત માણસો છે, તેઓ પોતાના પાપ-માર્ગને જૂદા જૂદા ધર્મ ઠરાવી તેવડે નરક ભણી દોડયા જાયછે.

પ્રાર્થના.

હે પરમ કૃપાળુ તથા દયાળુ ઈશ્વર! તું પોતાની દયાદષ્ટિવડે મારા દુષ્ટ તથા પાપીષ્ટ અંતઃકરણની ભયંકર અવસ્થા તરફ જો. તું પોતાના પ્રકાશથી મારો પાપરૂપ અંધઃકાર મટાડ, અને પોતાના દિવ્ય તેજના કિરણે મારા મનની આંખ ઉઘાડ, એ માટે કે મારા અંતઃકરણનો સ્વભાવ હું ઓળખું. હે પ્રભુ મારૂં અંતઃકરણ તેં પોતાને સારૂ ઉત્પન્ન કીધું છે. અને તેમાં વાસો કરવાને તુંજ યોગ્ય છે, માટે તું તે સ્વચ્છ કર; અને શેતાનને તેના પરિવાર સુધાં તેમાંથી કાઢ. હે સર્વ સમર્થ ઈશ્વર, શેતાનના અધિકારમાંથી તું મને છુટો કર; સર્વ પાપના અમંગળપણાથી મને શુદ્ધ કર, અને મારૂં અંતઃકરણ નવું કરીને તારા પવિત્રાત્માનો વાસો તેમાં થાય માટે તેને તૈયાર કર. ખ્રીસ્તને નામે માગુંછું. આમેન.

બિજું ચિત્ર.

પશ્ચાતાપનો આરંભ.

આ ચિત્રમાં જે દૂતે પોતાના જમણા હાથમાં તરવાર અને ડાબા હાથમાં ખોપરી લઈને આગળ કરી છે, તે દેવની કૃપાની નિશાની છે. તે એવી સૂચના આપેછે કે મરણ પાસે છે, અને મરણ પછી ભયંકર ન્યાય તારી વાટ જોયા કરેછે. એ વિષે દૂત એવો બોધ કરેછે, "તું તારી કઠણતા તથા અપશ્ચાત્તાપી અંતઃકરણે કરીને પોતાને સારૂ યથાર્થ ન્યાયના પ્રગટ થવાના દિવસ સુધી ક્રોધનો સંગ્રહ કરેછે શું? તે પ્રત્યેકને પોતપોતાનાં કામ પ્રમાણે ફળ આપશે; એટલે જે સારાં કામ ધિરજથી કરતાં મહિમા તથા માન તથા અવિનાશ શોધેછે, તેઓને સર્વકાળનું જીવન આપશે; પણ જે વઢકવાડીઆ છે, ને સતને નથી માનતા પણ અસતને માનેછે તેઓને કોપ તથા ક્રોધ; હરેક ભુંડું કરનાર માણસના આત્માને, તે વિપત્તિ તથા વેદના આપશે." (રૂમી ૨ ; ૫-૯.) વળી, "શું તમે જાણતા નથી કે અન્યાયીઓ દેવના રાજ્યનું વતન પામશે નહિ. તમે ભૂલ ન કરો; વ્યભિચારીઓ તથા મૂર્તિભક્તો તથા છીનાળવાઓ તથા કામીઓ તથા પુંમૈથુનીઓ તથા ચોરો તથા લોભીઓ તથા છાકટા તથા નિંદકો તથા જુલમી એઓ દેવના રાજ્યનું વતન પામનાર નથી." (૧ કરીંથ. ૬ ; ૯-૧૦.) પાપી બોધ પામીને સુબુદ્ધિમાં આવેછે, અને પોતાના અંતઃકરણની પરીક્ષા કરીને



પશ્ચાત્તાપનો આરંભ.

એવું જુએછે કે તે પાપથી પૂર્ણ ભરેલું અને અતિ દોષિત છે. જે પ્રભુની કૃપાનું અજવાળું તેના અંતઃકરણ ઉપર પડેછે તેથી તે પાપનું અમંગળપણું જાણીને લજવાઈ જાયછે. અને પશ્ચાત્તાપી થઈને તથા પાપનો દ્વેષ કરીને તેને ધિક્કારેછે અને પાપથી પોતાનો છુટકો થાય એવું તે ચાહેછે; પણ પાપનું સામર્થ્ય જાણીને તથા પોતાનું નબળાપણું અને પાપ તરફ પોતાનું વલણ સમજીને બીહેછે અને વ્યાકુળ થાયછે. અને અંતરમાં રડતાં રડતાં બૂમ પાડેછે કે, "અરે, હું કેવો વિપત્તિવાન માણસ છું, મને આ મરણના શરીરથી કોણ છોડાવશે?" (રૂમી. ૭; ૨૪.) ત્યારે પવિત્રાત્મા પશ્ચાત્તાપી અંતઃકરણ પાસે આવીને તેમાં જ્યોતિરૂપ કૃપાના કિરણનું અજવાળું તથા જીવન ભરેછે. અને માણસને એવું સમાધાનયુક્ત વચન જણાવેછે કે, "જેમ પાપે મરણને અર્થે રાજ્ય કીધું તેમ કૃપા પણ આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની મારફતે ન્યાયીકરણે કરીને સર્વકાળના જીવનને અર્થે રાજ્ય કરે." (રૂમી. ૫; ૨૧.)


અંતઃકરણમાં પવિત્રતાનો પ્રવેશ થતામાંજ ઈશ્વરી કૃપાના અજવાળાનો પ્રસાર થાયછે. એ શેતાનથી ખમી શકાતું નથી, માટે તે પોતાના દુષ્ટ પરિવાર સુધાં નહાસેછે અને પાપનાં ચિન્હ જે ખરાબ તથા અશુદ્ધ પ્રાણી, તે કૃપાના અજવાળાને જોઈને ધ્રુજતાં ધ્રુજતાં પીઠ ફેરવીને નહાસેછે. દિવસ ઉગતાંજ રાત જતી રહેછે; પાપ એ અંધારૂં છે; અને દેવની કૃપા એ અજવાળું છે. પાપનો કંટાળો થવા લાગ્યો કે શેતાન નહાસવા માંડેછે. કારણ કે જ્યાં પાપ તથા અંધકાર છે ત્યાંજ માત્ર તે રાજ્ય કરેછે. જે પાપના ઉપર પ્રીતિ રાખેછે તેનુંજ અંતઃકરણ શેતાનનું આસન છે.

હે મિત્રો, જે કોઈ પાપથી છુટકો પામવા ચાહાતો હોય તેને નિરાશ થવાનું કંઈ પણ કારણ નથી. પાપનાં મૂળ ઉખેડવાં એ માણસના હાથમાં નથી; ઉખેડનાર બીજો છે. અંતઃકરણમાં દૈવીની કૃપાનો પ્રસાર હોય, તો પ્રભુ તારણનું પૂર્ણ સામર્થ આપવાને તૈયાર છે. તે શેતાનને નહસાડનાર છે, અને તેજ પોતાના સામર્થે કરીને દુષ્ટ પ્રાણીરૂપ જે પાપ તેને કાડી નાંખશે.

પ્રાર્થના.

હે ઈશ્વર, તું અજવાળું તથા જીવનનો સાગર છે. પાપ કેવું અંધાર અને નાશકારક છે એ જાણવા સારૂ મને તારા આત્માનું અજવાળું અવશ્ય જોઈએ. મારા અંધકારમય અંતઃકરણમાં તું પોતાના જીવનનું અજવાળું પ્રકાશિત કર, એટલે મારાથી જોવાશે, અને હું જીવીશ. પાપીઓનો નાશ થાય એવી તારી ઈચ્છા નથી, માટે મારા નાશમાં પણ તું રાજી નથી, પણ જ્યારે દુષ્ટ માણસ પોતાના માર્ગથી ફરેછે, ત્યારે તું નિશ્ચે રાજી થાયછે; જે પાપોએ મને આંધળો કીધો અને શેતાનના દાસપણામાં બાંધી રાખ્યો છે તે મને જણાવ; અને જે કૃપા તું ઈસુ ખ્રીસ્તને આશ્રે સર્વ માણસ પર કરવાને તૈયાર છે તે મને આપ. તારી કૃપાથી મારૂં અંતઃકરણ નરમ થાય, અને તે મારામાં હિતકારક દુઃખ તથા પશ્ચાત્તાપ ઉત્પન્ન કરે એવું તું કર. હે દેવ, પાપ, મરણ તથા શેતાન એઓથી મારો છુટકો કરીને મારૂં અંતઃકરણ પોતાના વાસાને સારૂ સિદ્ધ કરે એવી મારી વિનંતિ છે. મારી પ્રીતિ તારા પર બેસે અને તારી આજ્ઞામાં

મારો આનંદ થાય, અને સદાચરણમાં હું સુખ પામું એવું તું કર. પાપની સત્તા ફરીથી મારાપર ચાલે નહિ, અને શેતાન મારૂં મન આંધળું કરે નહિ અને મને ફસાવીને મારાપર અધિકાર કરે નહિ માટે તું પોતાનો પવિત્રાત્મા મને આપ. હે પ્રભુ, પાપમાં સુખ નથી, પરંતુ જે પાપ કરેછે તે પાપનો દાસ અને અંધકારમય નરકવાસને યોગ્ય છે એ મને યાદ કરાવ. કોઈ પણ દુષ્ટથી તારી સામા ઉભું રહેવાશે નહિ, કોઇ પણ અન્યાયી તારા રાજ્યમાં જઈ શકશે નહિ, અને જે ખોટાં કામ કરેછે તેઓને મરણની અને ન્યાયકરણની અને સજા ભોગવવાની ભયંકર વાટ જોવી પડશે એ તારાં વચનથી પ્રગટ કરેલી વાત હું કદી પણ વિસરૂં નહિ, માટે મને સાવધ રાખ; અને તારાવડે મારાં સર્વ પાપથી શુદ્ધ થાઉં એવી પ્રાર્થના કરૂંછું, મને પાપના બંધાપાથી છુટકો મળે, માટે તું મારાપર કૃપા કર, તારા અજવાળાથી તું મને પ્રકાશિત, અને તારા જીવથી તું મને જીવતો કર. હું તારૂં સુખ પામું અને મારા વિષે આનંદ થાય એ માટે હું તારી વિનંતિ કરૂંછું. ઈસુ ખ્રીસ્તને નામે તું મારી આ વિનંતિ સાંભળ. આમેન.



જે માણસ ઇસુ ખ્રીસ્તના નામપર અને તેના
શુભવર્તમાન પર ભાવ રાખેછે, અને
જેનામાં પવિત્રાત્મા વસ્તી કરેછે
તેના અંતઃકરણની અવસ્થા.

ત્રીજું ચિત્ર.

જે માણસ ઇસુ ખ્રીસ્તના નામપરં અને તેના શુભવર્તમાન પર ભાવ રાખેછે. અને જેનામાં પવિત્રાત્મા વસ્તી કરેછે તેના અંતઃકરણની અવસ્થા.

પાપી પોતાના અગણિત પાપ તરફ નજર કરીને એવું સમજે-છે કે, ઈશ્વરે પોતાના ઉપકારિપણાથી તથા ગંભિરપણાએ આટલીવાર સુધી મારા વિષે ધીરજ રાખી, અને પશ્ચાત્તાપ કરવા સારૂ પ્રેરણા કરી; એ વાત સંભારીને તેનું અંતઃકરણ વિંધાઈ જાયછે અને પશ્ચાત્તાપનાં આંસુ વેહેવા લાગેછે, અને કહેવા લાગેછે કે મેં દેવની પ્રીતિ તથા ગંભિરપણાનો ખોટો ઉપયોગ કરીને તે તુચ્છ માની, અને અમણાં સુધી શેતાનની આજ્ઞામાં રહ્યો, એવું જાણીને તે પોતાના અંતઃકરણમાં અતિશે દુઃખ પામેછે.

જ્યારે પાપી, અંતઃકરણમાં પશ્ચાત્તાપ કરીને પોતાનાં પાપ વિષે શોક કરતાં રડેછે ત્યારે દેવ તેનું સમાધાન કરેછે; અને ભંગીત અંતઃકરણનો જે છે તેને આરામ આપેછે, તે તેને શાંતિના માર્ગ દેખાડેછે, કેમકે જેનું અંતઃકરણ વિંધાયું છે તેના પાસે પરમેશ્વર છે, અને જેનો આત્મા ભંજીત છે તેને તે તારેછે. (ગીત ૩૪; ૧૮.) તે હૃદય ફાટેલાઓને સારા કરેછે, અને તેઓના ઘા ઉપર પાટા બાંધેછે. (ગીત ૧૪૭; ૩.) જે પશ્ચાત્તાપ કરેછે તેનું સમાધાન દેવ કરેછે એ કેમ થાયછે

એનું જો તમે પુછો તો સાંભળો. બીજા ચિત્રમાં જે દૂત હાથમાં તરવાર તથા ત્રાજવી ધરેલો દેખાયછે તે અમાણેં આ ચિત્રમાં એક હાથમાં ક્રુસ ઝાલી બીજા હાથે શુભવર્તમાનનું પુસ્તક આગળ કરેછે એનો શો અર્થ છે તે કહુંછું. માણસ દેવના વચનથી બોધ પામેલો ન હોય તો તેને પાપની ક્ષમા અથવા થશે કે નહિ, અને તે શી રીતે થશે એ વિષે તેની ખાતરી થનાર નથી. માનવીજ્ઞાનથી આ ઊંડી વાતનો અંત આવનાર નથી. આ વાત સમજવા સારૂ જે કેવળ એકજ સત્ગુરૂ છે તેનું શીખવેલું અગત્યનું છે; અને તે શીખવેલું ઇશ્વરના પવિત્ર શાસ્ત્રમાં છે. તેમાં પ્રગટ કરેલો મુખ્ય ઉપદેશ એ છે કે, આપણા મૂળ આદિ માતપિતા ઇશ્વરની આજ્ઞા તોડીને પાપમાં પડયાં, અને પાપથી તેઓ મરણને સ્વાધીન થયાં, કારણ કે ઇશ્વરે મરણ એ પાપની શિક્ષા નીમેલી છે, અને મરણ પાપે કરીને જગતમાં સર્વ માણસપર અધિકાર કરેછે. ઠરાવેલે સમયે ઇશ્વરે ઇસુ ખ્રીસ્તને જગતમાં મોકલ્યો; અને તેણે નબળાં તથા પાપીઓને દેવ જે આકાશવાસી પિતા તેની પ્રીતિ પ્રગટ કરાવી; અને પોતાના ઉપદેશ તથા કામોવડે તેણે ઇશ્વરના સર્વ ગુણ ઉત્કૃષ્ટ રીતે દેખાડયા. પાપી માણસોમાં તેત્રીશ વર્ષ સુધી પવિત્રપણાએ ચાલીને ઇસુએ આશ્ચર્યકારક રીતે સર્વ માણસોનાં પાપ પોતા ઉપર લઇને જગતના તારણને સારૂ અપરાધીની પેઠે વધસ્તંભપર મરણ પામી આપણાં પાપનો દંડ ભોગવ્યો. એ રીતે સ્વાર્પણ કરીને ઇસુએ સર્વ માણસને સારૂ પૂર્ણ ન્યાયીપણું તથા તેનાં ફળ એટલે સર્વકાળનું જીવન મેળવ્યું. જે ઉપાયથી પાપી તારણ પામેછે તે ઉપાય એજ છે. એ ઉદ્ધારના ઉપાયનું કામ ૧૮૫૦ વર્ષ ઉપર થયું; તે પૃથ્વીના મંડાણથી માંડીને જે

કંઈ કામ થયાં છે તે સઘળાં કરતાં એ મહા મોટું કામ છે. પવિત્ર શાસ્ત્રમાં એવું લખ્યું છે કે, "અમે એવું સમજીએ-છિયે, કે જો એક સર્વને વાસ્તે મુઓ, તો સર્વ મુઆ." (૨ કરીંથી. ૫; ૧૪.) ઈસુ ખ્રીસ્ત, જે એકલો એકજ ન્યાયી તે સર્વને માટે મરણ પામ્યો છે; અને અમ અન્યાયીઓને તેનું ન્યાયીપણું વિશ્વાસવડે પ્રાપ્ત થાયછે. પોતાની કરણીથી કોઈનું તારણ થનાર નથી, પરંતુ જે ઈસુ પર વિશ્વાસ રાખેછે તેને તેણે કરેલા તારણોપાયથી સર્વકાળનું તારણ પ્રાપ્ત થાયછે. કેમકે પાપથી વેગળો એવો જે ઈસુ જગતનો તારનાર તે મહા દુઃખ સહીને વધસ્તંભ ઉપર મરણ પામ્યો; તેના નામ પર જે વિશ્વાસ રાખેછે, તેને પાપની ક્ષમા અને સર્વકાળનું જીવન પ્રાપ્ત થાયછે.

હું પાપી છું, એવું જાણીને જ્યારે માણસ મરણ વિષે તથા નરક વિષે ભય ધરીને મનુષ્યકલ્પિત પુરાણો તથા ખોટાં શાસ્ત્રો વાચવાનું તથા સાંભળવાનું મૂકી દેછે; અને ઈસુ ખ્રીસ્તે જગતના તારણને અર્થે મરણ પામીને સર્વ માણસોને બદલે દંડ ભોગવ્યો, અને તે વડે દેવની જે પ્રીતિ જગતપર પ્રગટ થઈ છે તે વાત સાંભળેછે, અને પોતાના પુત્ર વિષે જે સાક્ષી ઈશ્વરે આપી, તે ઉપર ખરાપણાંએ અંતઃકરણપૂર્વક ભાવ રાખેછે:—ત્યારે દેવનો આત્મા (જે ખબુતરના ચિન્હે દેખાડેલો છે) તે પાપીના અંતઃકરણમાં ઉતરેછે અને જે દેવનું વચન માણસે શાસ્ત્ર ઉપરથી સાંભળ્યું, તે વિષે સાક્ષી પૂરીને કહેછે કે, બિહીશ ના, પણ આનંદ કર, હવે તને કંઈ પણ સજા થનાર નથી; ઈસુ ખ્રીસ્તે જેમ જગતનાં પાપને સારૂ તેમ તારે સારૂ પણ દુઃખ ભોગવ્યું છે. અને તારે સારૂ બળિદાન થઈને પોતાનો જીવ

આપ્યો છે, એ માટે તું મરણના દંડથી છુટી દેવના પ્રિય બાળકના જેવો થયો છે, અને તને સર્વકાળનું જીવન પ્રાપ્ત થયું છે, એવા મીઠા તથા સમાધાનકારક શબ્દોથી પવિત્રાત્મા માણસનું અંતઃકરણ આનંદથી પૂર્ણ કરી પોતે તેમાં રહેછે. એ રીતે દેવનું રાજ્ય પાપી માણસના અંતઃકરણમાં સ્થાપન થાયછે, અને તેમાં ન્યાયીપણું, શાંતિ તથા આનંદ અને અજવાળું તથા જીવનનો પ્રસાર થાયછે. તે વેળા માણસનાં આંશુ પડેછે ખરાં પણ તે દુઃખનાં આંશુ નહિ, પરંતુ આનંદાશ્રુએ તેની આંખો ભરાયછે, હવે તેના કાન સાંભળેછે અને તેની આંખો જુએછે. હવે તે દેવનાં વચન સાંભળેછે અને શુભવર્તમાનનો મર્મ અને જીવતા દેવ પાસે ભાગ પામીને ઘણો સુખી રહેછે. જે તારો ચિત્રમાં ભાવ તથા આશાનું ચિન્હ છે, તે પ્રકાશિત થાયછે કેમકે વિશ્વાસથી તેની આશા અમણાં જીવતી થઇછે, શેતાન પોતાનો પરિવાર લઇને અંતઃકરણમાંથી બાહાર નિકળ્યો, અને દેવનો આત્મા તેમાં વસ્તી કરવા લાગ્યો, એટલે વિશ્વાસ કરનાર અંતઃકરણમાં છુટકો પામીને તારણના સુખવડે આનંદિત પુત્રની પેઠે ઉલ્લાસથી હર્ષભેર કહેછે કે, "જે જે જુનાં તે તે જતાં રહ્યાં; જુઓ સર્વ નવાં થયાંછે. (૨ કરીંથી. ૫; ૧૭.) મૂર્ત્તિપૂજા તથા વ્યભિચાર તથા ચોરી તથા લોભ તથા નિંદા ઇત્યાદિ ભ્રષ્ટ કામો કરનાર હું હતો, પણ ઇસુ ખ્રીસ્તને નામે હું હવે ધોવાયો અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યો છું." (૧ કરીંથી. ૬; ૯, ૧૧.)

આહાહા! એવા સજાપાત્ર પાપીના મનની અવસ્થા કેવી સારી અને સુખકારક થઇ છે! તે દેવની ઉપકારસ્તુતિનાં ગીતો ગાવા લાગેછે, પોતાના તારનાર વિષે અને તેની કૃપા વિષે

આનંદ કરતાં કરતાં તથા તેની પ્રીતિ તથા દયા વિષે આશ્ચર્ય પામીને તેનો આભાર માનેછે; તારનાર ઉપરના વિશ્વાસવડે જેને પાપની ક્ષમા તથા સર્વકાળનું જીવન પ્રાપ્ત થાયછે તેવા માણસના મનની સ્થિતિ એવી થાયછે.

પ્રાર્થના.

હે મારા તેજસ્વી તારનાર ઈસુ ખ્રીસ્ત, હું તારી કૃપા તથા તારી પ્રીતિ વિષે યોગ્યાનંદ કેમ કરી શકું! તારા ગૌરવયુક્ત તથા સુખકારક શુભવર્તમાનનો ઉપકાર શી રીતે માનું! તેં પોતાના રક્તને આશ્રે મને પાપની ક્ષમા આપી છે, (કલોસી. ૧; ૧૪.) તેં મારાપર મ્હેર કરી, અને મારા અંતઃકરણમાં તારો આત્મા બ્યાનારૂપ આપ્યો છે, (એફેસી. ૧; ૧૩, ૧૪.) તારાપર મારો વિશ્વાસ દૃઢ કર, મારા મનની આંખો રોજ રોજ અધિક પ્રકાશિત કર, એ માટે કે તારા જન્મથી તથા દુઃખથી અને તારા મરણથી દેવની દયાની જે અશોધ સંપત્તિ તેં મેળવેલી છે તે હું પામું; અને જે સુવાર્તાનું વચન તેં મને જણાવ્યું છે તે સર્વદા ધ્યાનમાં રાખું. હે ખ્રીસ્ત, કેવડી કૃપા તથા કેટલું સુખ આપીને તેં મને ધનવાન કીધો છે! પૂર્વે મારાપર શેતાન ધણી હતો, પરંતુ અમણાં જે આત્મા તેં મને આપ્યો છે તે મારામાં રહીને તારો વાસો થવા સારૂ મને પવિત્ર કરેછે. પૂર્વે હું પાપનો દાસ હતો, પણ અમણાં હું દેવનો પુત્ર થયો છું. પૂર્વે હું અશુદ્ધાત્માનું રેઠાણ હતો, પણ અમણાં તેજસ્વી દૂતો મારા વિષે આનંદ પામેછે; પૂર્વે મારૂં અંતઃકરણ અંધકારમય છતાં પાપથી ભરેલું હતું, અને શેતાન તેમાં રાજ

કરતો હતો, પણ અમણાં પવિત્રાત્માએ અંધારૂં મટાડીને મને અજવાળું આપ્યું છે. મારા તારણોપાયને વિઘ્ન કરનાર શત્રુને હાંકી મુકયો છે; શેતાને પોતાની બેડીઓથી મને બાંધ્યો હતો તે હવે તુટી ગઈછે, હવે મને છુટકારો તથા સુખશાંતિ છે. મને કૃપા તથા દયા પ્રાપ્ત થઈ છે; એ માટે હે પ્રભુ, મારા અંતઃકરણથી હું તારો ઉપકાર માનીને તારાં વખાણ સદા મારા મુખથી ગાયા કરીશ.

હે મારા પ્રિય તારનાર, હું તારી પાસે આ એક વાત માગુંછું કે, તું પોતાનું મુખ મારાથી ન સંતાડ, તું મને ન છોડ, હું તારી બીક રાખું માટે મારૂં મન કૃપાએ સ્થિર કર; મારા શત્રુ મને ઠગે નહિ, પાપના મોહમાં હું પડું નહિ, અને તેથી મને કંઈ ધક્કો લાગનાર નથી એવા વિચાર મારા મનમાં ન આવે માટે મને સર્વદા જાગૃત રાખ. હું રોજ પાપનો દ્વેશ રાખું, અને જેમ નરક તેમ પ્રત્યેક પાપના પ્રસંગથી હું દૂર રહું, એ માટે તારી કૃપાથી મને સાવધ રાખ. તું મને છુટકો આપનાર તથા મોકળો કરનાર છે, તું મને શેતાનના દાસપણામા ફરીથી પડવા ન દે. તેં પોતાને સારૂ મારૂં અંતઃકરણ પવિત્ર કીધું છે માટે તે અપવિત્ર થવા ન દે. સર્વકાળ સુધી મારા અંતઃકરણમાં પવિત્રાત્મા વસે અને તે સુખ તથા શાંતિ તથા ન્યાયીપણાનું ઘર થાય એ સર્વ તારા ગૌરવને અર્થે તું પોતાના આત્માને યોગે કર. આમેન.


લલિત વૃત્ત.

દૃષ્ટિએ પડે થંભ જે પળે
વિલાપકાર શોક હર્ષમાં ભળે.
દેવ પુત્ર, તેં થંભ તો ધરી,
પડેલ દુષ્ટ કાજ મુક્તતા કરી. ૧

થંભ વેઠતાં ખ્રીસ્ત રાયરે,
અભાગ્ય લોક કાજ નાથ થાયરે;
પ્રાણ છોડિયો મોત પાડવા,
ફરી થયો સજીવ મૃત્યુ કાઢવા. ૨

દુઃખ વેઠિયું પાપ કાપવા;
લિધો અત્યંત દંડ પુણ્ય આપવા;
પૂર્ણ ચિત્તથી માન્ય તો કરૂં;
ખરી ઉદ્ધાર રીત ભાવથી ધરૂં. ૩

વાક્ય પ્રેમનાં ખ્રીસ્તનાં ઘણાં
રૂદે સદા ધરીશ સંશયો વણા;
નિત્ય શુદ્ધતા પામતો રહું,
ખરી પવિત્ર માર્ગ સ્વર્ગમાં જઉં. ૪



જે સાવધ રહેતો નથી અને પશ્ચાત્તાપ
મુકીને વિશ્વાસમાં ટકતો નથી એવા
માણસના અંતઃકરણની દુઃખ-
કારક અવસ્થા.

ચોથું ચિત્ર.

જે સાવધ રહેતો નથી અને પશ્ચાત્તાપ મુકીને વિશ્વાસમાં ટકતો નથી એવા માણસના અંતઃકરણની દુઃખ-કારક અવસ્થા.

પ્રિય મિત્રો, ઉપરના ચિત્રો તરફ જોવાથી તમને દુઃખ તથા આશ્ચર્ય લાગતું હશે એમાં સંદેહ નથી. "તમે એવું કહેશો ત્યારે આજ કે? તારણ પામેલા માણસની હાલની સ્થિતિ તે આવીજ કે? એવા પ્રશ્ન કરવાનું તમારા મનમાં આવતું હશે, પણ જરા ધીરજ રાખો, જે જે બોધ નીકળે તે સાંભળો; "તમે સાવધ થાઓ, ને ચોકી કરો," (૧ પીતર ૫; ૮.) એવો બોધ પાપથી જાગૃત થએલા અને ઈશ્વરની કૃપા પામેલાને કર્યો છે; તે ન માનીને જીવનના માર્ગે મંદ રીતે ચાલેછે ને પછી અટકેછે, એવા માણસની અવસ્થા આ ચિત્રમાં દેખાડેલી છે.

ચિત્ર તરફ ધ્યાન લગાડીને જુઓ; તેજરહિત ચેહેરા ઉપરથી અંતઃકરણ અશાંત દેખાયછે. તારો અંધરાતો જાયછે, એ ઉપરથી એવું જાણાયછે કે સાર્વકાલિક જીવનની આશા ખરતી જાયછે, ક્રૂસ, એટલે ખ્રીસ્તનો વધસ્તંભ, તે અંતઃકરણમાં હવે દેખાતો નથી, કારણ કે એ માણસ ઇસુ ખ્રીસ્તનાં દુઃખ તથા તેના મરણને સંભારતો નથી. અંતઃકરણમાં જ્વાળાનું ચિન્હ એ દેખાડેછે કે, એનો પશ્ચાત્તાપ વિશ્વાસ અને તેની પ્રીતિ

તથા આતુરતા દિનપર દિન ઘટતી જાયછે, અંતઃકરણની સ્થિતિ એવી થયાથી શાંતિ, સુખ તથા સમાધાન જતાં રહેછે. દેવનો આત્મા તથા તેનું અજવાળું નથી, ને એવું થયાથી અંતઃકરણમાં અંધકાર છવાયો છે. ચિહ્નપર પરસેલો ઘોર અંધકાર તે દેવની કૃપા ત્યાગનાર પર ન્યાય ઠરાવવાનો જે દિવસ આવનાર છે, તે દેખાડેછે; અને પછી એ માણસની અવસ્થા કેવી થાયછે એ જુઓ. જગતના દુષ્ટ લોક એવા સતમાર્ગે ત્યાગી માણસ વિષે સ્વસ્થ રહેતા નથી; પણ જો ફાવે તો પાછો પોતાના ફાંદામાં નાંખે, ને લલચાવીને તેના અંતઃકરણમાં પોતાની દુષ્ટાઈનો પ્રવેશ કરે અને તેના એવા આચરણનું ચિન્હ ચિત્રમાં દેખાડેલા રોટલીના કટકા છે. વિશ્વાસુ સંબંધીની શક્તિ તથા ધૈર્ય તથા અજવાળું તથા પ્રીતિ તે માણસના અંતઃકરણમાં નથી માટે, જગતની ધમકીથી તે બિહેછે અને જગતની ફુસલામણી તથા એશઆરામ, જેની નીશાની પ્યાલો છે, તેના મોહથી ફસી જઈને ફરીથી જગતપર પ્રીતિ કરેછે. પૂર્વે બહાર નિકળેલો શેતાન, માણસની એવી સ્થિતિ જાણીને ફરી પાછો આવેછે ને પોતા સાથે સાત દુષ્ટ આત્માને લાવેછે અને બહાર કહાડેલા પ્રાણી એટલે દુર્ગુણ એઓને લાવીને અંતઃકરણપર હુમલો કરીને તેમાં પોતાનું રાજ્ય ફરી સ્થાપન કરેછે.

ત્યારે માણસ જાણેછે કે, મારૂં સમાધાન ગયું, મારૂં સુખ ફુગ્યું, અને પાપી ઈચ્છા તથા વાસના મારા અંતઃકરણમાં પ્રબળ થતાં જાયછે. પછી પાપ તથા શેતાનને વિરૂદ્ધ લડાઈ કરી ઉભા રહેવાને તેનામાં શક્તિ રહેતી નથી, કેમકે તે પ્રાર્થના કરતો નથી.

મારી સ્થિતિ ખરૂખર કેવી છે એ વિષે તે બીચારાને ખરી સમજ પડતી નથી. અને એજ કારણથી દૂતના ઉપદેશ વિષે કાનમાં આંગળી ઘાલી શેતાનના કપટથી મોહિત થાયછે. આ ચિત્રમાં દૂત ઈશ્વરી કૃપા દેખાડેછે, અને પાપીને સાવધ કરવા સારૂ પ્રયત્ન કરીને કહેછે કે, "ઓ ઊંઘનાર, જાગૃત થા, તું પરીક્ષામાં પડે નહિ માટે જાગતો રહે, પ્રાર્થના કરતો રહે. અને જે ઈસુ ખ્રીસ્તે તારે સારૂ દુ:ખ ભોગવ્યું, અને વધસ્તંભપર પોતાનો જીવ આપ્યો, તેની યાદ કરીને દેવનો વિશ્વાસ કરનાર પુત્રની મંડળીમાં તું જા. જે મિત્ર, તેની સંગત તું ન છોડ, અને જીવનનો માર્ગ પકડીને ચાલ." પરંતુ જગતથી મોહિત થયલો જ્યારે ઈશ્વરી કૃપા વિષેનો ઉપદેશ સાંભળેછે, ત્યારે તે ધ્યાનમાં લેતો નથી. ત્યારે દૂત તેને કઠણ શબ્દથી કહેછે કે,— "અરે મૂર્ખ તું નાશના માર્ગે છે એ ધ્યાયમાં કેમ લેતો નથી? નાશ થતાં સુધી શું તું નિદ્રાવસ્થામાં રહેશ? જે પાપરૂપ શત્રુને તેં જીત્યા હતા તે ફરી તને શી રીતે જીતેછે, એ શું તું જોતો નથી? જે શેતાન એકવેળા તારી પાસેથી નહાશી ગયો હતો તેના ફાંદામાં પડવું એ તને ભયંકર નથી લાગતું શું? પ્રભુ જે તારનાર તે વગર તું કેવળ અશક્ત તથા નબળો છે, એ શું તું જાણતો નથી? અને અંત:કરણપર ચોકી રાખ્યા વગર તું સુખ શાંતિમાં રહેછે એવું તને લાગેછે શું?

પછી જ્યારે પાછો ફરનાર શેતાનના કપટથી અને પોતાના દુર્વ્યસનથી ભરપુર થઈને બોધ માનતો નથી ત્યારે દૂત તેને ધમકાવીને એવું કહેછે કે, "અરે પ્રભુ આગળ ફિતુર કરનાર, તારૂં તારણ કેમ થશે? જે તારનાર તારે સારૂ મરણ પામ્યો છે

શું તેને તું ભુલી જૈશ? જે પાપો તેં તજ્યાં હતાં તેમાં પાછો પડશે? પૂર્વે તારામાં પશ્ચાત્તાપ, વિશ્વાસ અને પ્રીતિ હતાં તે અમણાં કયાં છે? જે શાંતિ તારામાં હતી તેની યાદ કરીને ઇશ્વર પાસે દુઃખિત મનથી જલદી પાછો આવ, નહિ તો સર્વકાળનો નાશ તારો વાંટો થશે." તો પણ પાપી શૈતાનથી આંધળો થઇ કૃપાનો સુબોધ ધ્યાનમાં રાખતો નથી, પણ પોતાની ઇચ્છાથી આજ્ઞાભંગ કરી નાશને માર્ગે ચાલેછે. પ્રિય વાંચનાર, જો તારી સ્થિતિ એવી હોય, તો જલદીથી સાવધ થા અને આ પ્રમાણે પ્રાર્થના કર કે :—

પ્રાર્થના.

હે સર્વના અંતઃકરણ જાણનાર પ્રભુ, મારા તારનાર, તેં મારું અંતઃકરણ શોધીને મને પારખ્યો છે, મારા ચંચળ અંતઃકરણને લીધે મારો વિશ્વાસ અશક્ત થાયછે, અને મારી પ્રીતિ ટહાડી થાયછે. મને માલુમ છે કે મારું મન વારંવાર પાપતરફ અને જગતના સુખતરફ વળગીને ચંચળ થયું છે. હે પ્રભુ, તારી આજ્ઞામાં રહેવું, અને સ્વેચ્છાને નકારથી અને તારી સેવામાં કોઇ કોઇવાર દુઃખ તથા સંકટ ભોગવવું એ મને કેવું વિપરિત લાગેછે એ સર્વ તું જાણેછે. જાગૃતપણા વિષે શ્રમ કરતાં મારા અંતઃકરણનો આવેશ કેવો નબળો છે એ પણ તું જુએછે, એ કારણ માટે હું તારી વિનંતિ કરૂંછું કે, તું શક્તિ આપીને મને સજીવ કર. જો હું તારાથી વેગળો પડયો, તો મારાથી કંઇ પણ કરાશે નહિ; માટે તું મને સ્થિર કર. હે પ્રભુ, મને ન છોડ, હે ઇશ્વર, મારા તારનાર, જો તું પોતાનો હાથ મારાપરથી ઉઠાવી

લે, તો તારી પાસે મારાથી રહેવાય નહિ. તારા ઉપરથી મારો વિશ્વાસ અને ભરોસો ઓસે નહિ, પ્રભુ, મારી પ્રીતિ તારાપરથી ઓછી ન થાય. અને મારૂં જ્ઞાનરૂપી અજવાળું હોલવાઇ ન જાય માટે મારાપર દયા કર. આત્માથી તથા સાચાઇથી હું પ્રાર્થના કરતાં થાકું નહિ, માટે પ્રાર્થના કરવાનો આત્મા તથા નવી શક્તિ મને નિત્ય આપ. વિશ્વાસમાં મને સ્થિર કર, અને તારામાં મારૂં અંતઃકરણ સ્થાપ. મારૂં મન નિત્ય તારી ભણી વળે અને જે દુઃખ તેં મારે સારૂ વેઠ્યું છે, તેની યાદ રાખીને હું તને કદી પણ છોડું નહિ. તારા વિષે કેવળ મને આનંદ થાય, અને જગતી વાસનાથી હું માહિત ન થાઉં એવું તું કર; હે પ્રભુ, જે કૃપા હું પામ્યો તે હું ખોઉં નહિ, માટે મારાપર દયા કરીને મારી પ્રાર્થના સાંભળ; હે મારા તારનાર, તું મને તાર. આમેન.



જે પશ્ચાત્તાપ કર્યા પછી પાપ તથા શેતાનને
પોતામાં અધિકાર કરવા દેછે એવા
માણસના અંતઃકરણની અવસ્થા.

પાંચમું ચિત્ર.

જે પશ્ચાત્તાપ કર્યા પછી પાપ તથા શેતાનને પોતામાં અધિકાર કરવા દેછે એવા માણસના અંતઃકરણની અવસ્થા.

"જ્યારે અશુદ્ધાત્મા માણસમાંથી નીકળેછે, ત્યારે તે ઉજાડમાં વિસામો શોધતો ફરેછે, પણ નથી પામતો. ત્યારે તે કહેછે કે, હું જેમાંથી નીકળ્યો તેજ મારા ઘરમાં પાછો જઈશ; ને જ્યારે તે આવેછે ત્યારે તે તેને ખાલી તથા વાળેલું તથા શોભાવાન જુએછે. પછી તે જઈને પોતા કરતાં ભુંડા બીજા સાત આત્માઓને પોતાની સાથે લાવેછે, ને તેઓ તેમાં પેસીને ત્યાં રહેછે, ત્યારે તે માણસનો છેલ્લો હાલ પેહેલાના કરતાં ભુંડો થાયછે." (માત્થી ૧૨; ૪૩, ૪૪.) આ વાક્યવડે પ્રભુ ઈસુ ખ્રીસ્તે જે માણસ આ ચિત્રમાં દેખાડેલો છે તેની અવસ્થાનું યથાર્થ વર્ણન કરયું છે. જુઓ, એ કેવી ભયંકર અવસ્થા છે!

તારનાર ઈસુ ખ્રીસ્તવડે ઈશ્વરે સર્વ માણસપર પોતાની જે પ્રીતિ પ્રગટ કરી છે, તેનો એકવેળા અનુભવ લીધા પછી માણસ અવિશ્વાસથી તેને હલકી માનેછે. જે અંતઃકરણ સમારીને પવિત્રાત્માના વાસાને સારૂ તૈયાર કરેલું દેખાતું હતું તે અમણાં શેતાનની ગુફા થઈ છે, અને તેમાં તેનાં પૂર્વેના પાપનું બળ દેખાયછે. આ દુઃખકારક અવસ્થાનું શું કારણ હશે? જે કૃપા પાપીને પ્રાપ્ત થઈ હતી, તે તેણે માની નહિં, અને તે પૂર્વે પાપથી

શુદ્ધ થયા છતાં અમણાં એ ભુલીને દેવની કૃપા પામવાનાં જે સાધન છે તે વિષે નિશ્ચિત થયો છે. જે આગળ ચાલતો નથી તે પાછળ ચાલેછે, કેમકે ઇશ્વરના માર્ગમાં અટકીને સ્વસ્થ રહેવું એ બનતું નથી. જે કોઇ તત્પર રહીને મેહેનત કરતો નથી, તે દેવના રાજ્યના સાંકડા દરવાજામાં થઇને માંહે જે શકતો નથી. અને જે સ્થિરપણાથી તથા ધૈર્યતાથી તંગ માર્ગમાં આગળ ચાલતો નથી તે ઠોકર ખાઇને પડેછે; અને જે કોઇ આવેશ રાખીને પાપનો દ્વેશ કરતો નથી તથા જગતનો ધિક્કાર ન કરીને તેના મોહિત કરનાર ગુણો વિરૂદ્ધ ઉભો રહેવાને પોતાને પ્રાર્થનાનાં સાધને બળવાન કરતો નથી, અને પાપીની સંગતથી વેગળો રહેતો નથી તેને શેતાન જલદીથી પોતાની જાળમાં ખેંચી લેછે. નિશ્ચિત માણસ પોતાના દુષ્ટ માર્ગમાં પાછો જાયછે અને પીતરે પોતાના બીજા પત્રના બીજા અધ્યાયના ૨૨ મા પદમાં જે કેહેવત કહી છે તે પ્રમાણે તેને થાયછે તે એવી કે, "કુતરૂં પોતાની ઓકની ગમ ને ધોએલી ભુંડણ કાદવમાં આળોટવાને ફર્યાં છે."

એજ અવસ્થા આ પાંચમા ચિત્રમાં દેખાડેલી છે, તે એવી કે, પવિત્રાત્માનું ચિન્હ ખબુતર છે, તે જલદીથી નીકળી જાયછે, કેમકે પવિત્રાત્માની સાથે અશુદ્ધાત્માનો સમાગમ કેમ કરીને થાય? જે અંતઃકરણ શેતાનનું આસન થયું છે, તેમાં પવિત્રાત્માની વસ્તી શી રીતે થાય? જે દૂત પવિત્રાત્માની નિશાની છે, તે દુઃખી થઇને દૂર જાયછે અને જતાં જતાં તે જાણે એવું કહેછે કે, "અરે બિચારા પાપી, તેં પોતાના દિવસમાં જો શાંતિની વાત જાણી હોત તો કેવું સારૂં થાત. વિચાર કર કે,

તારો આકાશી બાપ હજી સુધી તારા ઉપર પ્રીતિ કરેછે. માટે વિશ્વાસ રાખીને સમજ કે જે તારનારે તારે સારૂ પોતાનો જીવ આપ્યો છે, જાણે તેજ તને ખેંચી લેવાને પોતાનો હાથ હજી લાંબો કરેછે. તારાપર દયા કરનારનું અંતઃકરણ હજી તારે સારૂ ઉઘાડું છે, અને તારૂં તારણ થાય એવીજ તેની ઇચ્છા છે; તું મોટો દંગાખોર છે ખરો, પણ ઇશ્વરની દયા અત્યંત છે, જો તું સર્વથી મોટો પાપી હશે અને તું વિશ્વાસ રાખશે, તો દયા પામીને સર્વકાળના દંડથી છુટી દેવનો પ્રિય બાળક થશે. ત્યારે પાપી, તું વહેલો ફર, વાર ન લગાડ."—તો પણ આગ્રહપૂર્વક વિનંતિ ન માનીને માણસ હઠીલાઇથી તથા વિષયવાસનાના મોહથી ખેંચાઇ જઇને જગતપર પ્રીતિ કરેછે, અને પાપ કરવું એજ તેને ગમેછે. ઇશ્વરનું વચન તેને ખરૂં લાગતું નથી, તેની પ્રીતિ તથા તારકકૃપા હજી સુધી સમજાતી નથી અને નિરાશ થઇને આગળ પાછળ ન જોતાં જાણે કોઇ ઉતાવળે ઊંચેથી કુદકો મારેછે તેમ આંખો મીચી નાશના ખાડામાં કુદી પડેછે.

અંતઃકરણનો તારો અંધકારમય દેખાયછે, કેમકે તેનું તેજ ઝાંખું થયું છે. જ્યારે માણસ અપશ્ચાત્તાપી થઇ વિશ્વાસ તજેછે, અને શેતાનના કપટભરેલા શબ્દો સાંભળેછે ત્યારે સર્વકાળના જીવનની આશા ભંગ થાયછે.

જે પ્રાણી પૂર્વે અંતઃકરણમાંથી કહાડી મેલાયાં હતાં, તે હવે ફરીને દઢ, બળવાન તથા ક્રોધયુક્ત થઇને તેમાં પાછાં આવ્યાં છે. એનો અર્થ એવો છે કે, જે દુર્ગુણો પૂર્વે માણસોમાં હતા તે અમણાં ઘણા વધેલા તથા પ્રબળ થયલા છે.

શેતાન જમણા હાથમાં રાજદંડ ઝાલી અને માથા ઉપર મુગુટ ઘાલી સિંહાસન પર બેઠો છે, અને તેની આસપાસ

તેના સાત મંત્રી છે. એના અર્થનો વિચાર કરશો ત્યારે જે માણસ પૂર્વે ઈશ્વરની કૃપા પામી અવિશ્વાસના કારણથી તેને અનુસરીને ચાલતો નથી, તેના અંતઃકરણમાં માત્ર શેતાન પોતાની ઈચ્છા પ્રમાણે રાજ્ય કરેછે. અને એવા માણસની છેલ્લી અવસ્થા પહેલી કરતાં અતિશે કઠણ થાયછે. હે પ્રિય વાંચનાર, જ્યારે તેં પોતાનાં પાપો વિષે પશ્ચાત્તાપ કર્યો, અને પોતાનાં પાપ ખોળામાં લઈને તેની ક્ષમા માગી, પણ દેવની કૃપાવડે પોતાને પાપથી ન સંભાળે અને પાછો પાપમાં ફસીને પાપનું સુખ પામવાને કરેછે તો જેવી આ માણસની અવસ્થા ખરાબ છે તેવી તારી પણ થશેજ થશે. તારી છેલ્લી અવસ્થા પહેલી કરતાં ઘણી ભયંકર થશે. એ માટે તું પોતાનાં પહેલાં પાપોમાં ન પડવા વિષે કાળજી રાખ. તારા વૈરી, એટલે ગર્વ, લોભ, વિષયવાસના, દ્વેશ તથા ક્રોધ ઈત્યાદિ જે કંઈ તારામાં છે, તેની સાથે તથા શેતાનની સાથે લડાઈ કરવા લાગ્યો તો તેની સાથે કદી પણ સલાહ ન કર; જો તેની સાથે સલાહ કરશે, તો નિશ્ચે તારો નાશ થશે. જ્યારે તું ફસીને એક પણ પાપને સ્વાધીન થયો ત્યારે દેવ પર જે તારો ભરોસો છે તે ન છોડ, માત્ર પોતાનાં પાપ તેની પાસે કબુલ કર. તેની પ્રીતિ તથા કૃપા ટળનાર નથી, તેને તું પોતાના પગ જેવી કરીને તે પર ઉભો રહે, ને યુદ્ધ કર્યા કર; કેમકે તારૂં રક્ષણ કરવા અને તારા સર્વ વૈરી પર તને જય પમાડવાને તે શક્તિમાન છે. એ માટે જો તું પડ્યો તો જલદીથી ઉઠીને આગળ ચાલ; અને યુદ્ધમાં જો તું ઘાયલ થયો તો ધૈર્ય પકડીને લડાઈ કર્યા કર. પાપ તથા શેતાનની પાસે તું ન જા, પણ તારા તારનારને વળગી રહે. શેતાનને જીતવા તથા તારો છુટકો કરવાને આપણો તારનાર જે

ઈસુ ખ્રીસ્ત તેજ સમર્થ છે. તારૂં અંતઃકરણ શેતાનનું ઘર થવા ન દે. પણ ઈશ્વરના વાસાને સારૂજ તેને સોંપ. પરંતુ તારૂં અંતઃકરણ શેતાનનું ઘર થયું હોય તો તેને ફરી તેમાં વસ્તી કરાવવાને ગરજવાન ન થૈશ; જો તું તેને સ્વાધીન થશે તો તારો છેલ્લો પરિણામ મહા ભયંકર થશે એ તું ખચીત યાદ રાખ.

પ્રાર્થના.

હે ખ્રીસ્ત તારનાર, તેં કહ્યું છે કે, "જે કોઈ મારી પાસે આવશે, તેને હું કહાડનાર નથી." આ તારા વચન પર ભરોસો રાખીને હું તારી પાસે આવ્યો છું. જો કે હું અઘોર પાપી છું, ને તારી કૃપા પામવા લાયક નથી, તો પણ તારા વચન પર વિશ્વાસ રાખીને હું વિનંતિ કરૂંછું કે, મજપર દયા કર; હે પ્રભુ, મજપર દયા કર. મારી એજ વિનંતિ તારી આગળ છે. જે દુષ્ટપણાને લીધે નરકની સાર્વકાલિક શિક્ષાયોગ્ય હું છું, તે ખોળામાં લે તારી આગળ કબૂલ કરૂંછું. તારી જે કૃપા તથા પ્રીતિ હું પામ્યો તે મેં ત્યાગી છે. મને પવિત્ર કરવાનો તારો જે હેતુ તે મેં તુચ્છ માન્યો. જે માર્ગમાં હું આવ્યો હતો તે માર્ગેથી પાછો ફર્યો. પાપની ક્ષમા તથા શાંતિ તથા સુખ મેળવવાનો જે ઉપાય તે મેં નકાર્યો; હે વધસ્તંભે જડાએલા ખ્રીસ્ત, મારા એકલા એકજ તારનાર, તને મેં નકાર્યો છે અને તારા પવિત્રાત્માને દુઃખિત કરીને મેં તેને પોતાથી વેગળો કર્યો છે. આ મારા અવિચારથી જાણે મેં પોતાનાં પહેલાં પાપોને તથા શેતાનને મારા અંતઃકરણનું બારણું ઉઘાડીને એવું કહ્યું કે, ઓ મારા મિત્રો, તમે ખુશીથી માંહે આવો, ને પોતાની સત્તા ફરીથી

ચાલુ કરો. એ પ્રમાણે હું ફરી જઈને પાપનો તથા શૈતાનનો દાસ થયો છું. તું જો મારો ન્યાય ઠરાવે, તો સર્વકાળ સુધી અન્યાયી ઠરી હું સજાપાત્ર થઇશ. પણ હે ખ્રીસ્ત, તું સર્વનો નિગેહબાન છે, માટે હું તારે શરણે આવુંછું. જો કે હું પાપ તથા શૈતાનનો દાસ છું, તો પણ તેના હાથથી છોડાવવાને તને અધિકાર તથા સામર્થ્ય અપાયાં છે. ને મારે સારૂ તું દેવ આગળ જ્ઞાન તથા ન્યાયીપણું તથા પવિત્રપણું તથા ખંડણીરૂપ છે. મારે સારૂ તું ઇશ્વરને જમણે હાથે બેઠેલો છે; ફિતુરીઓને સારૂ પણ તેં ઉપાય યોજેલો છે, માટે હું ફિતુરી છતાં તારે પગે પડી દયા તથા કૃપા માગુંછું. તું મારો અંગીકાર કર; જે પાપના અઘોર ઊંડાણમાં પડી રહેછે, તેવાને પણ તું કહાડવાને શક્તિમાંન છે, માટે પાપના તથા શૈતાનના દાસપણામાંથી મને કહાડ અને મારા વૈરીના અધિકારમાં મને ફરીથી રહેવા ન દે. હે પ્રભુ, તેં મને ઉત્પન્ન કર્યો છે, તું મારો દેવ અને બાપ છે, તારા વગર બીજા કોઇની પણ સત્તા મારા પર નથી. હે ખ્રીસ્ત, તેં પોતાના અમૂલ્ય રક્તથી મને વેચાતો લીધો છે, માટે હું તારોજ છું; અને જે તારાં છે તે તું બીજાને સ્વાધીન રહેવા દેનાર નથી. તું પોતાનું અજવાળું મોકલી મારો અંધકાર નષ્ટ કર, અને તારા આત્માથી શૈતાનને મારા અંત:કરણમાંથી કહાડી મૂક. મારામાં રેહેનાર પાપનો નાશ કરીને મારૂં અંત:કરણ કૃપાથી ભરપૂર કર, અને શૈતાન જલદીથી મારા પગોતળે છુંદાઇ જાય એવું તું કર; આ વિનંતિ માન્ય કરીને સર્વ પ્રકારે મારી સહાય કર. આમેન.

છઠું ચિત્ર.

દુષ્ટનું મરણ અને પાપનું ફળ.

શરીર દુઃખિત, મન કલેશિત, આત્મા નિરાશ એવો અપશ્ચાત્તાપી પાપી માણસ મરણની વેળા પોતાને આટલે પડી મરણની બિહીકથી અને મરણ પછી જે ન્યાય થનાર છે તેના ભયથી વ્યાકુળ થઈને ગભરાટમાં બૂમ પાડેછે કે,—"ના રે ના! મને મરણ ન જોઈએ!" એવી ભયંકર અવસ્થામાં ભાઈ, બેહેન તથા ઇષ્ટમિત્રો એથી વેગળા રહેછે, કારણ કે, તેઓથી તેનું સમાધાન થતું નથી; અને તે સમાધાન પામવાજોગ પણ નથી. જે કોઈ ઈશ્વરપર અને જગતના તારનારપર વિશ્વાસ રાખતો નથી, તેના મનનું સમાધાન કોઈ પણ કરી શકતું નથી; કારણ કે ઘરબાર, દ્રવ્ય વ્યભાર તથા બાયડી છોકરાં મૂકી દેવાનો પ્રસંગ મરણ સમયે આવેછે. અને જે વાતોવડે માણસને અગાઉ સુખ થતું હતું, તે સર્વને મરણ લુંટી લેછે. મહા વિક્રાળરૂપે મૃત્યુ બાજૂએ ઉભું રહીને પોતાનો એક હાથ મરનારના માથા ઉપર મુકેછે, અને પાપમાં તેનું સર્વ જીવન ગયું એનું સ્મરણ અપાવેછે; અને બીજા હાથમાં દાતરડું લઈ મોટેથી બોલેછે કે, "સર્વ માણસજાત ઘાસના સરખાં છે." અને એવું કહીને તે એવી સૂચના આપેછે કે, ઈશ્વરની આજ્ઞા થઈ કે હું તારો પ્રાણ લેવાને તૈયાર છું. ત્યારે મરનાર ભયભિત થાયછે, કારણ કે ઈશ્વરની જે જે આજ્ઞા તેણે ઉલંઘન કરી તથા દેવની જે જે કૃપા તેણે તુચ્છ માની, તે તેના સ્મરણમાં આવેછે. દુઃખથી તથા ભયથી તે મૂર્છાગત થઈને ભયંકર અદશ્ય મોતના સિપાઈ



દુષ્ટનું મરણ અને પાપનું ફળ.

મારે સારૂ નરકાગ્નિ તૈયાર કરેછે, એ જોઇને પીડાથી ટળવળતાં બૂમ પાડેછે કે, "હાય હાય! આ દુ:ખથી મને કોણ છોડાવે! કોઇ પણ મને છોડાવનાર નથી?" આ પ્રસંગે તેના તરૂણ-પણાનાં વિષય સુખો તથા પુખ્તપણાનાં કપટ તથા ખોટાપણું અને વૃદ્ધપણાનો દ્રવ્યલોભ એ બધાની યાદ આવ્યાથી તેનું મન તેનેજ ખાવા લાગેછે, ને તે એવો વિચાર કરવા લાગેછે કે, હું ફસ્યો, મારૂં સર્વ જીવતર વ્યર્થ ગયું, હું નિરૂપાય થઇ સર્વ-કાળના નાશમાં પડયો અને એવા કષ્ટને લીધે તેના શરીરપરથી પરશેવાના રેલા ઉતરેછે.

પછી જે સુવાર્તાનાં વચન અગાઉ તેને ખોટાં લાગતાં હતાં, તે હવે બળવાન સ્મરણથી તેના ધ્યાનમાં ઉતરેછે. અને તે વચનમાં તેનો ભાગ નથી માટે નિસાસા મૂકીને કહેછે કે, "જીવનનું વચન મેં અવિશ્વાસથી ફેંકી દીધું, એ માટે તેનો સ્વાદ હવે મને મધુર લાગતો નથી, પરંતુ કડવો લાગેછે. અરે મને હાય હાય! મારી શાંતિની વાત મેં માની નહિ; હું હવે નરકમાં ખુડીને નાશ પામુંછું." તે નિરાશ છતાં તેનું શરીર થરથરીને તેને કંપારો છુટેછે, અને મોટી અકળામણ પામીને કહેછે કે, "મને હાય હાય છે! હું શ્રાપિત છું, કારણ કે જગતના તારણને અર્થે વધસ્તંભે જડાએલા ઇસુ ખ્રીસ્તની કૃપા મેં ધિક્કારી, અને ઇસુ ખ્રીસ્તવડે દેવની જે દયા સર્વ માણસ પર પ્રગટ થએલી છે તે મેં તુચ્છ માની. કૃપા પામવાના વખતમાં પવિત્રાત્માએ મને ઇશ્વરી જ્ઞાન દેવા સારૂ અને પાપની માફી તથા સમાધાન કરવા સારૂ બોલાવ્યો હતો તેનોજ મેં ધિક્કાર કર્યો છે, ત્યારે મારે સારૂ હવે શો ઉપાય રહ્યો હોય?"

શરીર દુઃખિત અને આત્મા કષ્ટિત છે એને લીધે તેની શક્તિ ઓછી થતાં થતાં મહા ભયંકર અવસ્થામાં તે પ્રાણ ત્યાગેછે, અને જ્યારે તેનો આત્મા શરીર મૂકેછે ત્યારે તે નીચે મૃત્યુ લોકમાં જાયછે, અને અઘોર પીડા ભોગવેછે. જે જગતમાંથી તે જાયછે તે જગત સંબંધીના વિષયસુખની ભૂખ ત્યાં પણ તેને લાગેછે. પરંતુ તેની તૃપ્તિ ત્યાં થતી નથી. તેના દુરાચરણ વિષે તેનીજ કલ્પના તે પર દોષ મૂકેછે અને તેના મનની ખટપટ કદી પણ મટતી નથી; અને પાપ વિષે જે દંડ થનાર તે સર્વદા તેની નજર આગળ દેખાયછે અને આ તેની દુઃખાવસ્થાનો માત્ર આરંભ છે.

ઈશ્વરી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નરક, શેતાન તથા તેના દૂતોને સારૂ કરેલું છે, અને જગતનો તારનાર ઈસુ ખ્રીસ્ત સર્વનો ન્યાય કરવા આવશે ત્યારે સર્વ અન્યાયીઓને શિક્ષાનો હુકમ આપતાં કહેશે કે, "ઓ શ્રાપિતો, જે સર્વકાળિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર કરેલો છે, તેમાં મારી પાસેથી જાઓ." ન્યાયના દિવસ સુધી જે માણસ ઈસુ ખ્રીસ્તથી તારણ પામ્યો નથી, તે ક્યાં રહેશે, અને તેની સ્થિતિ કેવી થશે, એ વિષે ઈશ્વરી શાસ્ત્રમાં ઘણું લખ્યું નથી, પરંતુ એટલું કહેલું છે કે, "ન્યાય ઠરાવાની તથા જે અગ્નિરૂપ કોપ વૈરીઓને ખાઈનાંખશે તેની બિહામણીજ વાટ જોવાનું છે." (હેબ્રી. ૧૦; ૨૭.) "વળી એવું લખ્યું છે કે, "જેઓ નરકમાં જાયછે તેને સર્વકાળિક શિક્ષા ભોગવવી પડશે," અને તેઓની શિક્ષાનું વર્ણન એવું કરચું છે કે, "તેઓનો કીડો મરતો નથી અને અગ્નિ હોલવાતો નથી." (માર્ક ૯; ૪૩, ૪૮.) એ સંબંધી વળી એવું લખ્યું છે કે, "બિહીકણા તથા

અવિશ્વાસીઓ તથા અમંગળ તથા હત્યા કરનારા તથા વ્યભિચારીઓ તથા માયાક્રિયા કરનારા તથા મૂર્ત્તિભક્તો તથા સઘળા જુઠાઓનો ભાગ, અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં થશે, એજ બીજું મરણ છે." (પ્રકટી. ૨૧ ; ૮.) જીવતા દેવના હાથમાં પડવું એ બિહામણું છે, કેમકે આપણો દેવ ખાઈનાંખનાર અગ્નિના જેવો છે. (હેબ્રી. ૧૦ ; ૩૧ તથા ૧૨ ; ૨૯.)

પ્રાર્થના.

હે પ્રભુ, તું ન્યાયી દેવ છે. અને તારા સર્વ ઠરાવ ન્યાયી તથા યથાર્થ છે. તું પક્ષપાતી નથી. પ્રત્યેકને તેનાં કામ પ્રમાણે ફળ દેછે. જે વિશ્વાસ રાખતો નથી તે બચનાર નથી, તારો ક્રોધ તેઓ પર રહેશે. હે દેવ, તું પ્રેમ છે અને પોતાની અમૂલ્ય પ્રીતિથી પોતાનો પુત્ર આપ્યો છે, તે અમારે બદલે મરણ પામ્યો. અને તેનેજ આશ્રે તું સર્વ જગતને પાપની ક્ષમા આપવાને તૈયાર છે. પાપી લોકોપર તારી પ્રીતિ તેં આશ્ચર્યકારક રીતે દેખાડી છે. ખ્રિસ્તીઓને તું છોકરાં ગણીને સર્વકાળનું જીવન તથા પોતાના સનાતન રાજ્યમાં ગૌરવ આપેછે. તારી અપાર પ્રીતિને સમજનાર, ને તારાં સ્તવન યોગ્ય રીતે કરનાર એવો કોણ છે ? પરંતુ જે કોઈ તારા વચન પર વિશ્વાસ રાખતો નથી તેના વિષે શી આશા ? જેઓએ તારી પ્રીતિ તુચ્છ માની છે તેઓનું તારણ થાય એવું પ્રીતિવાન મન કોણ દેખાડે ? જેઓએ તારી કૃપા હલકી માની, તેઓનાં પાપની ક્ષમા કરવાને બીજી કૃપા ક્યાં મળે? જેઓએ તારી દયા ન માની, તેઓ પર દયા કરનાર બીજો કોણ છે ?

હે પ્રભુ, મારા ત્રાતા, તેં મારે સારૂ પાપ તથા મરણ તથા નરકથી છુટકો અને તારણ સિદ્ધ કીધું છે, પરંતુ તે પર મેં વિશ્વાસ ન રાખ્યો માટે હું તો નાશપાત્ર છું. જો કે મારી આશા હવે કંઈ રહી નથી, તો પણ તારી કૃપા અનંત છે, અને કોઈ પણ વાત તને અસાધ્ય નથી. પાપનો કંટાળો અને તારા પર પ્રીતિ સંબંધીનો વિશ્વાસ મારા અંતઃકરણમાં ઉત્પન્ન કરવો એ પણ તારા હાથમાં છે. નાશથી બચીને સર્વકાળનું જીવન મને પ્રાપ્ત થાય માટે તું મને સાવધ કર, મારૂં અંતઃકરણ નરમ કરીને ખરો પશ્ચાત્તાપ મારામાં ઉત્પન્ન કર, અને નવો માણસ થાઉં માટે મને પવિત્રાત્મા દે. તારે અર્થે હું જીવું, અને અંતે તારા રાજ્યમાં આવું; એ મારી વિનંતિ પૂર્ણ કરીને કૃપા રાખી મારૂં સાંભળ. આમેન.


વિક્રાંત વૃત્ત.

હું તો નિર્બુધ લાંઠ હતો, ચાહાતો નહિ વાડો;
પાળકનો સાંટો ન સુણું, ચાલું બહુ આડો.
વાડ તજી, ગમતું કીધે આનંદ જાણતું;
મોજ ઘણી દેખી જગમાં ભમતું મજ માથું.
હું સત જૂઠ ન ભાળું કૈં. સૂઝે જ્યમ ચાલું;
બોધતણી કો વાત સ્મરી, તે તો નહિ પાળું.
પૂર્ણ ગયો વાંકે માર્ગે આરણ્ય ભણી તો,
દીઠા સર્વ પ્રકારતણી ત્યાં બીહીક ઘણી તો;
ચોગરદા ખાડા ફાંદા, પણ હું નહિ જાણું,
શ્વાપદ શોર કરે, પણ હું તો તે નહિ માનું;
સિંહ વિનાશક તાં મોટો શેતાન ફરેછે.
તે ત્રાસી ભટકેલાનો સંહાર કરેછે.

સાતમું ચિત્ર.

ખ્રીસ્તના પુણ્યવડે દેવની સાથે જેઓનો મેળાપ થયો છે અને વધસ્તંભે જડાયલા ઇસુ ખ્રીસ્ત શિવાય બીજા કોઇથી તારણ નથી, એવું જે જાણેછે તેવા માણસના અંતઃકરણની પ્રતિમા.

પ્રિય વાંચનાર, બીજા તથા ત્રીજા ચિત્રમાં જેની ઓળખ તને થઇ છે તેની જ ભેટ ફરી આ ચિત્રમાં થાયછે. પશ્ચાત્તાપથી અને તારનાર ઈસુ ખ્રીસ્ત પર વિશ્વાસ રાખ્યાથી તારણ પામીને સુખરૂપે જીવનને માર્ગે ચાલતાં આપણે તેને અગાઉ જોયો હતો. અને હાલ પણ તેની દૃષ્ટિ કોની તરફ લાગી છે તે જુઓ. અંતઃકરણપૂર્વક તે દેવની સેવા કરેછે, માટે તેનો જન્મ વ્યર્થ જતો નથી. દુષ્ટનો જન્મ વ્યર્થ જાયછે, એ વિષેનાં પ્રમાણ છઠ્ઠા ચિત્ર ઉપરથી આપવામાં આવ્યાં હતાં. માણસે પૂર્ણ પ્રીતિથી દેવની સેવા કરવી, એવો જે ઉત્પન્નકર્ત્તાનો હેતુ તે અપશ્ચાત્તાપી માણસથી પૂર્ણ થતો નથી. સર્વ માણસ પાપી થયા, ત્યારથી ઈશ્વરથી બિહીને તેનો દ્વેષ રાખેછે, અને તેની ઇચ્છા ઉલ્લંઘેછે, અને મનમાં એવી કલ્પના આણેછે કે ઈશ્વર મારી સાથે વેર રાખેછે, પરંતુ જ્યારે વધસ્તંભે દીધેલા ઈસુ ખ્રીસ્તના મરણથી આપણા પર જે દેવની અગાધ પ્રીતિ પ્રગટ થઇ છે, તે વિષે માણસને ખાતરી થાયછે ત્યારે પાપને લીધે ઉત્પન્ન થએલી ધાસ્તી તજીને તે દેવ પર પ્રીતિ કરવા લાગેછે. અને



ખ્રીસ્તના પુન્યવડે દેવની સાથે જેઓનો મેળાપ થયો છે અને વધસ્તંભે જડાયલા ઇસુ ખ્રીસ્ત શિવાય બીજા કોઇથી તારણ નથી, એવું જે જાણેછે તેવા માણસના અંતઃકરણની પ્રતિમા.

પછી ઇસુ ખ્રીસ્તપર વિશ્વાસ રાખનારના અંતઃકરણમાં દેવનો આત્મા આવીને ઇસુમાં દેવની જે પ્રીતિ તે દેખાડેછે. આ ચિત્ર ઉપરથી એવું દેખાયછે કે ઇસુ ખ્રીસ્તે ભોગવેલા દુઃખોનાં ચિન્હ એટલે ક્રુસ, કાંટાનો મુગટ, ખીલા, વિગેરે અંત કરણમાં છે એ ઉપરથી એવું સમજવું કે ઇસુની પ્રતિમા તેના પર વિશ્વાસ કરનારા અંતઃકરણમાં બેહેલી છે. અને સર્વદા તેનું સ્મરણ રાખ્યાથી દેવની પ્રીતિ દિનપરદિન અધિક પામેછે. પાઉલની પઠે તે એવું કહેછે કે, "ઇસુ એટલે વધસ્તંભે જડાએલો તે વિના હું કંઇજ ન જાણું એવું મેં ઠરાવ્યું." (૧ કરીંથી. ૨; ૨.) આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના વધસ્તંભ શિવાય હું કંઇ બીજામાં અભિમાન કરૂં; તેથી મારા સંબંધી જગત વધસ્તંભે દીધેલું છે, ને જગત સંબંધી હું." (ગલાતી. ૬; ૧૪.) પવિત્રાત્માનો બોધ પામીને વિશ્વાસ કરનાર પોતાના ત્રાતાનું દુઃખ તથા મરણને યાદ કરી પોતાના અંતઃકરણમાં દિવસોદિવસ અધિક સમાધાન તથા શક્તિ અનુભવેછે. અને પૂર્ણ ભરોસાથી તે એવું કહેછે કે "દેવ આપણા પક્ષનો ત્યારે આપણી સામો કોણ? જેણે પોતાનાજ પુત્રને રાખી મુકયો નહિ, પણ આપણ સર્વને લીધે તેને આપ્યો તે કૃપાએ કરીને આપણને બધું તેની સાથે કેમ નહિ આપશે?" (રૂમી. ૮; ૩૧-૩૨.) તે એવું સમજેછે કે દેવ જે બાપ, તેની અમૂલ્ય પ્રીતિનો મર્મ તે ખ્રીસ્તનું દુઃખ તથા તેનું મરણજ છે; "કારણ કે દેવ પોતાની સાથે જગતનો મેળાપ કરતાં તથા તેઓને તેઓના અપરાધો ન ગણતાં તથા અમને મેળાપની વાત સોંપતાં ખ્રીસ્તમાં હતો." (૨ કરીંથી. ૫; ૧૯.) ઇસુ ખ્રીસ્તપર ભાવ રાખીને અને ન બદલાનાર દેવની પ્રીતિ પર વિશ્વાસ રાખીને પોતાના માર્ગમાં

આગળ ચાલવાને તે હિમ્મત પકડેછે. ખ્રીસ્તનાં દુઃખ તથા મરણ તથા તેનું પુનરૂત્થાન એ તેને પૂર્ણ સમાધાન પામવાના ઝરા જેવું છે, અને તેથી દેવની આગ્ના પ્રમાણે ચાલવાને તે શક્તિવાન થાયછે. જેણે પ્રીતિને લીધે પોતાને વધસ્તંભ પર યગ્નરૂપ અર્પ્યો તે ઈસુ ખ્રીસ્તપર ભાવ રાખનારને જગતની સર્વ વ્યર્થતા, દેહનો તથા આંખનો લોભ અને જગતની સર્વ શોભા કચરા સરખી લાગેછે. પોતાના પ્રભુના શબ્દ સર્વદા તેના કાનમાં પડેછે તે એવા કે, "જે કોઈ મારી પાછળ આવવા ચાહેછે તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો વધસ્તંભ ઊચકીને મારી પાછળ આવવું." (માત્થી ૧૬; ૨૪.) "જે પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ આવતો નથી, તે મારે યોગ્ય નથી." (માત્થી ૧૦; ૩૮.) તે સુભક્તિમાં ટકીને પ્રયત્ન કરતો કરતો પવિત્રાઈની પાછળ લાગેછે, ને તેની મુખ્ય ઈચ્છા એજ છે કે વધસ્તંભે દીધેલા તારનાર સરખા પોતે થવું.

આ ચિત્ર ઉપરથી એવું દેખાયછે કે, દૂત રોટલી તથા દ્રાક્ષારસ આપેછે; એનો અર્થ એ છે કે, પ્રભુ ઈસુ ખ્રીસ્તે પોતાના શિષ્યોને એવી આગ્ના આપી છે કે વધસ્તંભે જડાએલું તેનું શરીર એ જાણે રોટલી છે; તે લઈને ખાવી. અને તેનું રક્ત એ જાણે દ્રાક્ષારસ છે તે લઈને પીવો. અને એવું કરીને તે પાછો આવે ત્યાં સુધી તેનું મરણ પ્રગટ રીતે દેખાડવું. એ ઉપરથી પ્રભુએ પોતાની મંડળીને સારૂ સર્વકાળના જીવનના અંન પાણીનો ઈરાદો કર્યો છે. જે ખ્રીસ્તી માણસ ઈસુ ખ્રીસ્તના મરણને સંભારીને તેના માંસ તથા રક્તનો ગુણ લેછે તે પોતાના દેહના તથા આત્માના સર્વ અશુદ્ધપણાથી શુદ્ધ થઈને ખ્રીસ્તના મરણનો ભાગિયો થાયછે.

આ ચિત્રમાં જમણી બાજુએ જે દૂત છે તે જયધ્વજાનું ચિન્હ એટલે ડાળી હાથમાં લેઇને આગળ ધરેછે, તેથી સમજવું કે દેવની કૃપાથી વિશ્વાસ કરનારના અંતઃકરણમાં આનંદપૂર્વક આશા છે કે જે પ્રભુ ઇસુ ખ્રીસ્તને અર્થે સંપત્તિ, પ્રતિષ્ઠા, ઘરબાર અને પ્રાણ પણ છોડેછે તથા તેના નામને સારૂ તિરસ્કાર તથા દુઃખ વેઠેછે અને મરણપર્યંત શેતાન, જગત તથા મનને વિરૂદ્ધ યુદ્ધ કરીને ધૈર્યતાથી ઉભા રહેછે, તે વિજયી થઇ દેવના રાજ્યમાં વેતન પામશે અને પોતાના પ્રભુ સંગાથે રાજ્ય કરશે.

પ્રાર્થના.

હે પ્રભુ ઇસુ, તું પ્રીતિયુક્ત તારનાર છે, તારા મરણે કરીને દેવની સાથે મારો મેળાપ થયો છે. મારા ઉપર તારી પ્રીતિ કેવડી થઇ છે! હવે તુંજ માત્ર મારા અંતઃકરણમાં રહે, તારા દુઃખની તથા મરણની યાદ મારામાં તાજી થાય અને મરણની ઘડીએ તારો વધસ્તંભે મારા ઉભા રહેવાની કાઠી થાય; જે પ્રીતિ તેં પેહેલાંથી મારા ઉપર કરી છે, તે મારામાં રેહેવા દે. અને મારૂં અંતઃકરણ તેથી ભરેલું કર, તારી પ્રીતિના સામર્થ્યથી મારો સ્વભાવ છેક નવો કર, એવો કે મારામાં તારી ખરી પ્રતિમા દેખાય, અને તારાં દુઃખ ભોગવવાનાં તથા મરણ પામવાનાં ફળ મારામાં પૂર્ણ ભરાઇજાય. હે પ્રભુ, મારામાં શુદ્ધ મન ઉત્પન્ન કર, જે વાતોથી અગાઉ મને લાભ જાણાતો હતો તે મને હાનિરૂપ જાણાય. મારા અસાવધપણામાં જે કંઇ મુને ગૌરવયુક્ત તથા સુંદર દેખાય તે બધું તને જાણ્યા પછી મને હાનિ તથા કચરા સરખું જાણાય એવું તું કર. હે ખ્રીસ્ત, મારામાં જે કંઇ છે તે તારાથી છે; તારામાં હું જીવુંછું. જો હું તને પામ્યો, તો બધું

પામ્યો. મારાં કામોમાં કાંઈ પણ પુન્ય નથી, પણ જે પુન્ય તું વિશ્વાસ કરનારને દેછે, તેજ માત્ર દેવની આગળ યોગ્ય છે અને એ પુન્ય તું મને દે. હે મારા પ્રિય તારનાર, મારે સારૂ તેં જે દુઃખ ભોગવ્યું તેનો ભાગિયો મને કર. જેમ તું મારે સારૂ મરણ પામ્યો, તેમ તારે સારૂ મરવાને મને તૈયાર કર. જો તું મુએલામાંથી ઉઠયો. તો તારા જીવનના સામર્થ્યનો અનુભવ હું કરૂં, અને સર્વકાળનું જીવન મને પ્રાપ્ત થાય એવું તુ કર. એ મને મળશે તો મને આનંદ થશે, અને ઉચિત હું કહીશ કે, "હું ખ્રીસ્તની સાથે વધસ્તંભપર જડાયો છું પરંતુ હું જીવુંછુ, તો પણ હું નહિ, પણ મારામાં ખ્રીસ્ત જીવેછે." (ગલાતી ૨; ૨૦.) હે મારા ત્રાતા, મારૂં જીવન તથા ભરોસાનું સ્થાન, "જે આનંદ તારી આગળ મુકાએલો તેને લીધે તેં લાજને અવર્થા ગણી, ને મરણસ્તંભનું દુઃખ સહ્યું, તે તરફ મારી દષ્ટિ વાળ." (હેબ્રી. ૧૨; ૨.) હે ખ્રીસ્ત, તારા દુઃખ સહેવાની યાદ મારા જીવાત્માને અમૃતરૂપી છે. પાપ સાથે લડાઈ કરીને જય પામવાની જે શક્તિ મને મળેછે તે તારા મરણસ્તંભનું સ્મરણ કર્યાથી મળેછે. જો હું દુઃખમાં તથા મરણમાં પડું, તો પણ તારા મરણની યાદ એજ મારો આધાર છે. જ્યારે હું પરીક્ષાની અવસ્થામાં પડું, ત્યારે તું સર્વ પરીક્ષાણ પર જય પામ્યો છે એનું જ્યારે મનન કરૂં ત્યારે મારો જય થશે. તારી પ્રીતિ મારા અંતઃકરણનો સૂર્ય છે, અને તેજ મારા અંધકાર, સંશય તથા ભય ટાળેછે. "તારી પ્રીતિપરનો વિશ્વાસ મારી ઢાલ છે, અને તેથી હું દુષ્ટના સર્વ બળતા ભાલા હોલવી શકુંછુ." (એફે. ૬; ૧૬.) મારા આયુષ્યના દિવસમાં ધૈર્ય ધરીને ભક્તિ માર્ગે સ્થિર રહું, અને ચાલતાં ચાલતાં થાકું નહિ, માટે મને શક્તિ દે, અને અંતપર્યંત તારી કૃપાથી મને વિશ્વાસી કર. આમેન.

આઠમું ચિત્ર.

જે ભકત ઇસુ ખ્રીસ્તની કૃપાએ પવિત્રાત્માવડે પવિત્ર થઇને વ્યકિતત્રયાત્મક દેવની વસ્તી થયો છે તેના અંતઃકરણની અવસ્થા.

ઇશ્વરી શાસ્ત્ર પ્રમાણે જે એકજ ખરો તથા જીવતો દેવ છે, તે બાપ પુત્ર તથા પવિત્રાત્મા એવો વ્યકિતત્રયાત્મક દેવ છે. પરંતુ તેનો આકાર કે પ્રતિમા આપણે કરવી નહિ, અને તે કોઇથી કરાય પણ નહિ. શાસ્ત્ર એવું કહેછે કે, "દેવ અગમ્ય અજવાળામાં રહેછે, તેને કોઇ માણસે જોયો નથી, અને કોઇ જોઇ શકતો પણ નથી." (૧ તીમોથી ૬; ૧૬.) દેવની પ્રતિમા કરવા વિષે શાસ્ત્રમાં ઘણો નિષેધ કરેલો છે. પણ પ્રભુ ઇસુ ખ્રીસ્ત એવું કહેછે કે, "જે કોઇ મારા ઉપર પ્રિતિ કરેછે તે મારી આજ્ઞા પાળેછે, અને મારો બાપ તે પર પ્રિતિ કરશે, અને અમે આવીને તેની સાથે રહીશું." (યોહાન ૧૪; ૨૩.) પાઉલ કરીંથીઓને એવું લખેછે કે, "તમે દેવનું મંદિર છો, અને તમારામાં દેવનો આત્મા રહેછે; દેવનું મંદિર પવિત્ર છે ને તેજ તમે છો." વળી કહેછે કે, "તમે જીવતા દેવનું મંદિર છો." દેવે એવું કહ્યું છે કે, "હું તેઓમાં વસ્તી કરીશ તથા ચાલીશ, અને હું તેઓનો દેવ થઇશ, અને તેઓ મારા લોક થશે." (૧ કરીંથી ૩; ૧૬-૧૭ તથા ૨ કરીંથી ૬; ૧૬.)

જે વિશ્વાસ કરનારે ઇસુના વચનનો પૂર્ણ અંગીકાર કીધો છે, તેના અંતઃકરણની અવસ્થા આ ચિત્રમાં દેખાડી છે. તે પર આકાશી પ્રકાશનો વિસ્તાર દેખાડેલો છે, જે માણસને દેવની



જે ભક્ત ઇશુ ખ્રીસ્તની કૃપાએ પવિત્રાત્માવડે પવિત્ર થઇને વ્યક્તિત્રયાત્મક દેવની વસ્તી થયો છે તેના અંતઃકરણની અવસ્થા.

સંગત થઇ છે, તેના અંતઃકરણમાં ઇશ્વરી કૃપાનું અજવાળું ઉતરેછે. આ ચિત્રમાં પણ ઇસુ ખ્રીસ્તના ક્રુસનું ચિન્હ એટલે તેનો વધસ્તંભ દેખાયછે. અને એ ઉપરથી એવું સમજવું કે સુભક્તિમાં ગમે તેટલી વૃદ્ધિ પામ્યા, તો પણ, ખ્રીસ્તી માણસ પોતાના તારનારનું દુઃખ કદી પણ વિસરતો નથી, પણ સર્વદા તેની યાદ રાખેછે. અંતપર્યંત તેના વિશ્વાસ આશા તથા પ્રીતિનો પાયો ઇસુ ખ્રીસ્તનું મરણ છે, અને તે એવું સમજેછે કે મારૂં તારણ કેવળ ઇસુના પ્રાયશ્ચિત્તરૂપી મરણનું ફળ છે અને તેને ખાતરી છે કે ઇસુ ખ્રીસ્તનું દુઃખયુક્ત મરણ તે મારૂં સમાધાન તથા સુખનો ઝરો છે. ક્રુસની જમણી બાજુએ પ્યાલો છે. અને ડાબી બાજૂએ રોટલી છે. એનો અર્થ એ પ્રકારે સમજવો. પ્રથમ ખ્રીસ્તભક્ત દરરોજ ઇસુ પાસેથી સર્વકાળના જીવનનું પોષણ લઇને આત્મિક રીતે ખાયછે તથા પીએછે; પછી જે કોઇ ખ્રીસ્તી ભાઇ ઇસુ ખ્રીસ્તનો સંગાતી છે તેની સાથે તેની સંગત તથા ભાગિયાપણું છે. વાસ્તવિક રીતે ખ્રીસ્તી મંડળીની ઉપમા દ્રાક્ષારસ તથા રોટલી ઉપરથી સારી શોભેછે, જેમ ઘણી દ્રાક્ષાના લુમખાનો કાઢેલો રસ એક પ્યાલામાં છે, અને ઘઉંની ઘણી ઉંબીઓના દાણાને દળી ઘડીને એક રોટલી કરેછે તે પ્રમાણે સર્વ દેશની તથા સર્વ જાતિની ઇસુપર ભાવ રાખનારી મંડળી, દેવની પ્રીતિએ જોડાયલાં તથા સંયુક્ત થયલાં એકજ શરીર છે.

અંતઃકરણની મધ્યભાગે ખબુતર છે, તે એવું દેખાડેછે કે, પવિત્રાત્મા જેમ ખ્રીસ્તપર ખબુતરની પેઠે ઉતર્યો, (માત્થી ૩; ૧.) તેમ વિશ્વાસ કરનારના અંતઃકરણમાં પણ વસ્તિ કરેછે. વળી સર્વકાળના જીવનની આશા દેખાડનાર તારો અંતઃકરણ ઉપર

પ્રભાતના તારાની પેઠે ચળકતો તથા તેજસ્વિ દેખાયછે, કેમકે આશા સજીવન તથા ઉત્કંઠા પ્રબળ છે. 'આહાહા! એવા નીરોગી તથા સુખી અંતઃકરણની સ્થિતિનું વર્ણન કોણ કરી શકે? જંગલી' પશુઓનો જથ્થો જે પેહેલાં બે ચિત્રોમાં દેખાયો હતો તેઓનું હવે નામ નથી, કારણ કે તે પ્રાણિરૂપ દેહિક કામોને ઠેકાણે આત્માનાં ફળો ભરેલાં છે. એટલે જે અંતઃકરણમાં અગાઉ ગર્વ, ઈર્ષા, ક્રોધ, ખોટાપણું, વિષય સુખ, અંધારાપણું ઇત્યાદિ હતાં, તેજ અંતઃકરણ હમણાં નમ્રતા, પ્રીતિ, સહનશીળતા, ખરાપણું, ઈંદ્રીદમન, પરોપકારબુદ્ધિ એઓએ શોભાયમાન કરેલું છે. અગાઉ શેતાનને પોતાના અંતઃકરણમાં વાસો કર્યો હતો, તે હમણાં ક્વચિત યત્નને નહાસતો જાયછે. પરંતુ આકાશી દૂત સુભક્તની સેવા કરીને તેને દૈવ આપેછે. ઓ ભાઈઓ, જેણે પેહેલાં આપણાપર પ્રીતિ કીધી, તે પર આપણે પ્રીતિ કરીએ. (૧ યોહાન ૪; ૧૯.) પ્રભુની જે જોડાયછે તે એક આત્મા છે. (૧ કરીંથી ૬; ૧૬.) જે પ્રભુપર વિશ્વાસ કરેછે તેને સર્વકાળનું જીવન છે. (યોહાન ૬; ૪૭.) અને તેનું આનંદિત અંતઃકરણ આકાશભણી લાગેલું છે. કેમકે જ્યાં તેમની સંપત્તિ ત્યાં તેમનું ચિત્ત પણ રહેછે. (માત્થી ૬; ૨૧. કલોશી ૩; ૧-૪.)

પ્રાર્થના.


હે પરમ પવિત્ર તથા સ્તુતિમાન દેવ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપ, તું તેના વડે અમારો પણ બાપ છે, માણસપર તારી પ્રીતિ કેટલી છે! પોતાના પુત્ર ઇસુ ખ્રીસ્તવડે તેં મને

કેટલા સુખી તથા ધનવાન કર્યાં છે. એમાં મજ દીન પાપીપર તારી કેવડી પ્રીતિ જણાઇ છે! પવિત્રાત્માવડે તું મારામાં વસતી કરવા ચાહેછે, એ કેટલું આશ્ચર્યકારક છે! હે ખ્રીસ્ત પ્રભુ, તું મારામાં રહેછેને હું તારામાં રહુંછું, ત્યારે આપણે એક વઇએછીએ. ને તારી સોબતી થવાથી મને સર્વકાળનું જીવન પ્રાપ્ત થાયછે. હું દેવના સર્વ પૂર્ણપણાથી ભરાઉ એવી તારી ઇચ્છા છે ત્યારે મારા સર્વ અંતઃકરણથી તથા મારા સર્વ જીવથા તથા મારી સર્વ શક્તિથી તથા મારા સર્વ મનથી તારા પર પ્રીતિ કરૂં, માટે તું મારામાં સંપૂર્ણ પ્રીતિ ઉત્પન્ન કર; અને જે પ્રીતિથી તેં મારા પર પ્રીતિ કરી છે તે સર્વદા મારામાં સજીવ રહેવાદે, અને જેવો તું પ્રીતિરૂપ છે તેવો મને પણ પ્રીતિયુક્ત કર. હે દેવ, તું સર્વદા મારી પાસે છે, એ જાણીને મારૂં તારી સાથે એકચિત્ત થાય, અને કોઇ પણ વસ્તુ મને તારાથી વેગળો ન કરે એવું કર, સર્વકાળ સુધી મારૂં અંતઃકરણ તારૂં રહેવાનું સ્થાન થાય. જે કંઇ હું કરૂંછું કે માગવુંછું તે સર્વ તારે લીધે કરૂં તથા માગવું એવું તું કર. તું મારો દેવ છે ત્યારે સુખમાં અને દુઃખમાં મારો પ્રાણાધાર થા. તું મારા અંતઃકરણનો દેવ સર્વકાળ સુધી મારો ભાગ છે, તારા સિવાય બીજી સર્વ વસ્તુ મને હાનિકારક લાગેછે. હે ખ્રીસ્ત, તું મારૂં સુખ સમાધાન તથા સર્વમાં સર્વ તુંજ છે. આમેન.

નવમું ચિત્ર.

જે ભકત પાપવિરૂદ્ધ યુદ્ધ કરેછે અને સુભક્તિમાં અભ્યાસ કરીને અંતપર્યંત ટકેછે તેના અંતઃકરણની અવસ્થા.

જેને ઈશ્વરી શાસ્ત્ર ઉપરથી જગતની વ્યર્થતા, પાપની ઠગાઈ, અને શેતાનના કપટ વિષે માહીતી મળી છે, અને તારનાર ઇસુ ખ્રીસ્તપર ભરોસો રાખી નાશનો માર્ગ મુકી જીવનના માર્ગ પર આવીને તથા જીવનનું વચન સ્વિકારીને દેવની સંગાથે પોતાનું જીવન કહાડેછે, તે મહાસુખી છે ખરો; તથાપિ આપણે યાદ રાખવું કે, જ્યાં સુધી લડાઈ કઠણ છે ત્યાં સુધી સુભકતની દશા પણ ઘણી મેહેનતભરેલી છે. કેમકે જ્યાં લગી જીવેછે ત્યાં લગી તેને નિરંતર લડાઈ કરવી પડેછે. કોણ સામા લડવાનું એવું જો પૂછો તો દેહ, જગત, અને શેતાનની સાથે ખ્રીસ્તી ભકતને થરપણાથી રકત પાડતાં સુધી લડવું પડેછે. યુદ્ધનો પહેલો સંગ્રામ આત્મા અને દેહનો છે, દેવના આત્માથી ખ્રીસ્તી માણસ ફરીથી જન્મેલો અને ઈશ્વરી વચનથી પ્રકાશિત થયલો છે; તે દેવના આત્માથી તેડાયલો થઈને પોતાના તારનાર પર પ્રીતિ કરેછે. દેવની આજ્ઞા તેને પ્રિય લાગેછે. દેવની કૃપામાં તે પોતાનો આનંદ સમજેછે, અને સર્વ પાપ તેને કંટાળારૂપ લાગેછે. પણ જુઓ, અંતઃકરણમાંથી કહાડી મુકાયલા પ્રાણી આ ચિત્રમાં તાકીને બેઠા છે. એ ઉપરથી એવું સમજવું કે, ખ્રીસ્તી માણસ દેહમાં એટલે આ જગતમાં રહેછે ત્યાં સુધી તેનો જુનો સ્વભાવ છેક નાશ પામતો નથી. પાપ



જે ભકત પાપવિરૂદ્ધ યુદ્ધ કરેછે અને સુભ-
ક્તિમાં અભ્યાસ કરીને અંતપર્યંત
ટકેછે તેના અંતઃકરણની અવસ્થા.

અગાઉ પ્રમાણે સત્તા ચલાવવા ચાહેછે. દેહ પોતાની મેળે સ્વાધીન રહેતી નથી. તે આત્મા વિરૂદ્ધ અને આત્મા તેને વિરૂદ્ધ હોયછે. જે કંઈ આત્માને ગમેછે તે તેને ગમતું નથી; અને જે દેહને મીઠું લાગેછે તે આત્માને કંટાળારૂપ લાગેછે. જે ગૌરવી ઠેકાણું આકાશમાં સુભક્તને સારૂ રચેલું છે તે આત્માને પોતા તરફ ખેંચેછે, અને દૈહિક ભાવ તે જગતની માયા તરફ તાણેછે. પણ જે દેહને સુખરૂપ તે આત્માને દુઃખરૂપ છે. એ પ્રમાણે તેઓ પરસ્પર વિરૂદ્ધ છે; પરંતુ વિશ્વાસ કરનાર આત્મજ્ઞાને ચાલેછે તેથી દેહની ઇચ્છા પુરી કરતો નથી. (ગલા. ૫; ૧૬-૧૭.) મરણ આવતાં લગી જુના સ્વભાવનો પુરો નાશ થતો નથી. પણ તેને કબજામાં રાખવો એજ દેહવિરૂદ્ધ સુભક્તનું યુદ્ધ છે.

ખ્રીસ્તી માણસનો બીજો મુખ્ય શત્રુ તે જગત છે, કેમકે તે દેવ વિષેના જ્ઞાનથી ભટકીને અને દેવના આત્માને નાખુશ કરીને શેતાનવડે મોહિત થયું છે. જગતની ચાલ, વ્યવહાર, વ્યાપાર, એનું મનોરંજક સુખ એ સંજોગની રીત એવી છે કે, જેમનું અંતઃકરણ આકાશતરફ લાગેલું છે, તેઓને ઘણાં દુઃખ તથા સંકટ પાડેછે. જ્યારે કોઈ જગતને અનુકુલ ચાલેછે ત્યારે તેની આત્મિક સ્થિતિને ધક્કો લાગ્યા વગર રહેતો નથી. અને જ્યારે જગતને પ્રતિકુલ ચાલેછે, ત્યારે દુષ્ટ માણસો દુઃખ દેવાને મુકતા નથી. "જગતની મિત્રાઈ દેવ સાથે વેર છે, એ માટે જે જગતનો મિત્ર થવા ચાહેછે તે દેવનો વેરી છે." (યાકુબ ૪; ૪.) શાસ્ત્રનો એ લેખ સુભક્તને સાવધ કરીને જગતવિરૂદ્ધ ઉભા રહેવાને ધૈર્ય આપેછે.

જગતનો અધિકારી જે શેતાન તે માણસો પર ધણીપણું કરતો હતો, અને અમણા પણ પોતાનું રાજ્ય ફરી મેળવવાને તે પુશ્કળ પ્રયત્ન કરેછે; પરંતુ પોતાના ઉપાય વ્યર્થ જાયછે એ જોઇને તે ક્રોધે ભરાયછે, અને બહુ પ્રકારના મોહરૂપ બળતા બાણ ભકતના અંતઃકરણને મારીને તેને ઘણું દુઃખ દેછે; એટલે ઇસુ પરના વિશ્વાસ વિશે, દેવ સંબંધીની પ્રીતિ વિશે અને પવિત્રાત્માથી નવા થયલા સ્વભાવ વિશે સંદેહ ઉત્પન્ન કરેછે. અવિશ્વાસ તથા નિરાશાપણાની કલ્પના તથા વિચાર તેના મનમાં ઉત્પન્ન કરેછે, પણ ખ્રીસ્તભકત વિશ્વાસને જોરે તે સર્વને જીતીને વિજયી થાયછે.

ઉપરના ત્રણ પ્રકારના સંગ્રામમાં જય પામવા સારૂ સુભકતે ખરાપણાએ પોતાની કમ્મર બાંધીને તથા શાંતિની સુવાર્તાની તૈયારી પગોને જોડીને આત્માની સર્વ શસ્ત્રસામગ્રી સજવી જોઇએ. તે આ કે વિશ્વાસરૂપી ઢાલ, ન્યાયીપણાનું બખ્તર, તારણનો ટોપ તથા આત્માની તરવાર જે દેવની વાત છે. (એફે. ૬; ૧૩-૧૭.) તે શિવાય ઇસુ ખ્રીસ્તના દુઃખયુકત મરણના સ્મર્ણે જગત તથા પાપના દ્વેષની વૃદ્ધિ થાયછે, અને ઇસુ ખ્રીસ્તનું શરીર તથા રકત એટલે સર્વકાલિક જીવનનું ખાવું તથા પીવું રોજ પામીને પોતાની શક્તિ વધારેછે.

જે દૂત ચિત્રમાં દેવની કૃપાનું ચિન્હ છે, તે સુભકતને યુદ્ધ સમયે ધૈર્ય આપીને વિનંતી કરતાં કહેછે કે, "જો કોઇ મલયુદ્ધ કરે તો નિયમ પ્રમાણે મલયુદ્ધ કર્યા વગર મુગુટ પામતો નથી, અને જે અંત સુધી ટકશે તેજ બચશે." (૨ તીમોથી ૨ ; ૫. માત્થી ૧૦ ; ૨૨.) ધીરજથી જય પામતાં તેણે એવું કહેવું કે, "ખ્રીસ્તની પ્રીતિથી મને કોણ જુદો કરી શકશે? શું કલેશ, કે કષ્ટ, કે સતાવણી, કે દુશ્કાળ, કે નગ્નતા, કે સંકટ, કે તરવાર,

શું એ જુદો પાડશે? જેણે મારા ઉપર પ્રીતિ કરી છે તેણે કરીને એ બધા સંબંધી હું બહુ જય પામીશ." (રૂમી. ૮; ૩૫-૩૯.)

દેહ, જગત તથા શેતાનને વિરુદ્ધ યુદ્ધ કરનારના અંતઃકરણમાં ઈસુના વધસ્તંભની નિચે ઉઘાડું કરેલું પુસ્તક, મંદિર તથા ઉપકારીક હાથ, એ લાક્ષણિક ચિન્હ દેખાડેલાં છે, તે ઉપરથી આપણે એમ સમજવું કે, તે ઈશ્વરદત્ત શાસ્ત્ર વાંચવામાં અને તેનું મનન કરવામાં તત્પર છે; ઈસુ ખ્રીસ્તની સુવાર્ત્તા, તેનો સર્વ વૃત્તાંત અને વિશેષે કરીને દેવની સાથે પાપીઓનો મિલાપ કરનાર તેનું દુઃખયુક્ત મરણ એ તેને કોમળ અંકુર અને જીવતા પાણી પ્રમાણે લાગેછે, પવિત્ર શાસ્ત્રમાં દેવ માણસની સાથે બોલેછે, અને માણસે પ્રાર્થનાએ કરીને દેવની સાથે બોલવું. એ માટે ખ્રીસ્તી માણસ પોતાના પ્રભુના બોધ પ્રમાણે (માત્થી ૬; ૬.) એકાંત ઓરડીમાં જઈ દરવાજા બંધ કરી પ્રાર્થના કરેછે; અને જેમ એકાંતમા તેમ ભજનસ્થાનમાં પણ પ્રાર્થના કરેછે, અને શાસ્ત્રોપદેશ સાંભળવાને જાયછે; કારણ કે સુભક્તિ તથા વિશ્વાસ તથા પ્રીતિમાં ટકવાને પ્રાર્થના કરવા વગર કોઈ પણ શક્તિવાન થતો નથી; એ વિષે તેની અનુભવિત ખાતરી છે. તેનો હાથ પરોપકારી છે, એટલે જે દયા તે દેવ પાસેથી પામ્યો તેના યોગે તેનું અંતઃકરણ દયાળુ અને પ્રીતિયુક્ત થાયછે. જ્યારે તે પોતાના બંધુઓને દુઃખમા જુએછે, ત્યારે તેને દયા આવેછે, ને તે તેઓનું સાહ્ય કરેછે, અને જે સુવાર્ત્તા વડે મને તારણ તથા શાંતિ પ્રાપ્ત થયા છે તે પોતાના દેશીઓ તથા બીજા જેઓ અજ્ઞાનતામા બેઠેલા તેઓને પ્રાપ્ત થાય માટે ઈસુની સુવાર્ત્તાનો પ્રસાર કરવાને મદદ આપી પોતાની સંપત્તિ તથા શક્તિને દેવની વેદી પર અર્પણ કરેછે.

આયુષ્ય જેમ ઘટતું જાયછે અને સર્વકાળના જીવનનો પ્રભાત પાસે આવેછે તેમ તેમ તેની આશાના તારણનું તેજ પ્રકાશતું જાયછે, દેવની કૃપા જે ભક્તને આધારરૂપ છે, અને તે તેને સર્વ કષ્ટ તથા અડચણને પેલેપાર લઈ જાયછે. તે એવું માનેછે કે આ કાળનાં દુઃખ જે મહિમા પ્રગટ થનાર છે તેની સાથે સરખાવવા લાયક નથી. અમારી ક્ષણિક વિપત્તિનું હલકાપણું અતિશે પર અતિશે મહિમાનો અનંતભાર ઉપજાવે; જે દેખાયછે તે તરફ અમે દૃષ્ટિ કરતા નથી, પણ જે અદૃષ્ય છે તે તરફ. કારણ કે જે દેખાયછે તે ક્ષણભંગુર છે, પણ જે દેખાતાં નથી તે અનંતકાલિક છે. (રૂમી ૮ ; ૧૮. ૨ કરીંથી ૪ ; ૧૭-૧૮.) અંતે જ્યારે સુભક્તના ચર્મચક્ષુ મંદ થાયછે ત્યારે તેના દિવ્ય ચક્ષુથી આત્મિક દૃષ્ટિ પ્રકાશિત થઈને જે તારવી મુગુટ દેવના હાથમાં તે વિજયી ભક્તની વાટ જુએછે, તે જોઈને તે ઘણે આતુર તથા આનંદિત થાયછે; કારણ કે, અણદીઠ મહિમા તથા સન્માન તથા અવિનાશ જેનો શોધ તેણે કર્યો તે પામવાનો હવે તેને પ્રસંગ મળ્યો છે, અને પોતાના ત્રાતા ઈસુને ન જોયાં છતાં પણ તેણે તે પર પ્રીતિ કરી, અને તેના પર ભરોસો રાખીને અવાચ્ય તથા ગૌરવયુક્ત આનંદે ઉલ્લાસિત થતો હતો; ત્યારે અમણાં તે પ્રભુને જોવાનો વખત આવ્યો છે. એવું થયાથી જે આનંદ તેને થાયછે તેનું વર્ણન કોણ કરી શકે? (૧ પીતર ૧ : ૮.)

પ્રાર્થના.

ઓ પ્રભુ ઈસુ ખ્રીસ્ત મારા ત્રાતા, તારી સાથે છતાં હું પૃથ્વીની ઈચ્છા રાખતો નથી. મારી દેહ તથા મારૂં હૃદય થાકી જશે,

તો પણ મારા હૃદયનો આધાર અને મારો વિભાગ તુંજ છે. તું મારામાં રેહે, ને મને તારામાં રાખ; એટલે હું ફળવાન થૈશ. પણ તારાથી જુદા થવાથી હું કંઇ કરી શકતો નથી. ઓ સર્વ શક્તિવાન મારા વહાલા ત્રાતા, તું જો મારામાં રહેશ તો કંઇ પણ કરવું મને મુશ્કેલ પડશે નહિ. તારાપનામને લીધે હું સર્વેના દુઃખ ખમી શકીશ; અને જેના પર હું જય મેળવી નહિ શકું, એવો એક પણ દુસ્મન મારી સામા ટકનાર નથી. મને વિશ્વાસમાં સ્થિર અને પ્રીતિમાં પૂર્ણ કર. કોઇ પણ વસ્તુએ કરીને મને તારાથી જુદો પડવા ન દે. પણ અંત સુધી ટકું એવી કૃપા મારાપર કર. તારી વાતના જ્ઞાનથી અને તારા આત્માથી મારો વિશ્વાસ વધારી અનંતકાલિક જીવનના ખોરાક તથા પાણીથી મને તૃપ્ત કર. તારૂં મરણ મારૂં જીવન થાય, તારાં વચનો એજ આત્મા તથા જીવન છે. તેથી મને આરોગ્યતા મળે. તે અજવાળું પણ છે અનેતેથી મારૂં મન પ્રકાશિત થાય એવી મારી વિનંતી છે. ઓ ખ્રીસ્ત, મારાઅશક્તપણામાં શક્તિવાન થા. મારા દુઃખમાં મને સમાધાન પમાડનાર મિત્ર તથા વિશ્વાસુ સોબતી થા. મારા રોજના યુદ્ધનાં મને શક્તિ દે. પરીક્ષાના વખતમાં મને સાવધ રાખ. અને જે કંઇ તને માન્ય છે તે મારામાં પેદા કર. મારૂં આખું અંતઃકરણ મારૂં ચિત્ત તથા મારા મનના સર્વ વિચાર તારી તરફ લગાડ. બધાં પાપો તથા પાપી વાસનાઓનો ખરો દ્વેષ કરી હું તેઓને જીતી લઉં માટે તું મને શક્તિ આપ. ઓ પ્રભુ, તું પ્રાર્થના સાંભળનાર દેવ છે, હું નિત્ય પ્રાર્થના કરૂં માટે મને પ્રાર્થનાનો તથા વિનંતીનો આત્મા આપ. મારૂં સુખ તારી પાસે છે, અને જે વૈભવની મેં આશા રાખી છે તે મારી દૃષ્ટિમાં સદા રાખ. ઓ ખ્રીસ્ત, જ્યાં તું છે ત્યાંની વાતો પર મારૂં ચિત્ત નિરંતર લાગે એવું તું કર.

આમેન.



સુભકતનું મરણ.

દશમું ચિત્ર.

સુભક્તનું મરણ.

મરણનો દહાડો તે અભક્તને ઘણો બિહામણો દહાડો છે. પરંતુ જે કોઈ ઈસુએ મધ્યસ્થ કરી પરમેશ્વરનો પુત્ર થયો છે તેને એ દિવસ દુઃખનો નહિ પણ આનંદનો લાગેછે. તે બોલેછે કે, "મરણ જયમાં ગળાયું છે; અરે મરણ, તારો ડંખ ક્યાં છે, ને રે મૃત્યુલોક, તારો જય ક્યાં છે? દેવ આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને આશ્રે મને જય આપેછે તેની સ્તુતિ થાઓ." (૧ કરીથી ૧૫; ૫૪-૫૭.) પાપની માફી પામ્યાથી તેને મૃત્યાથી ડરવાની બીહીક લાગતી નથી. આ નાશકારક શરીર છોડી હું મારા ત્રાતાને જોઈશ; અને જે અવિનાશી તથા નિર્મળ તથા ન ચિમલાનારૂં વતન મેં શોધ્યું છે, એ આકાશમાં મારે સારૂ રાખેલું છે, (૧ પીતર ૧; ૧-૪.) તે મને પ્રાપ્ત થશે એ જાણીને તેનું અંતઃકરણ આનંદથી ભરાઈ જાયછે; અને તે શાંત તથા સલામત એવી મરણની ઘડીમાં પોતાના બિછાના પર પડી તેના પ્રભુના વચનની યાદ કરેછે તે એવે, "હું તમને ખચીત ખચીત કહુંછું કે જે મારાં વચન સાંભળેછે ને મારા મોકલનારને પર વિશ્વાસ કરેછે તેને સર્વકાળનું જીવન છે; તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નિકળીને જીવનમાં આવ્યો છે." (યોહાન ૫; ૨૪.)

પાપથી ભરેલું આ જગત અને પાપના કારણથી નાશ થનારે આ મારૂં શરીર છોડવાનો, અને સર્વ પાપ તથા અંધકાર તથા બીહીક એઓથી છૂટો થઈ પરલોકમાં મારા પ્રભુ આગળ હાજર થવાનો મારો વખત આવ્યો છે, એ જાણી તેના મનમા આ